**સુવિચાર**

એક સમય એવો છે જે કાયમ સમયસર આવે છે... પછી તે સારો હોય કે ખરાબ !!

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૪/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
ડ્રાયફ્રુટ શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર વદ-૨ વર્ષ : ૧૬ અંક : ૧૦૫

પથરી પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે

નિ:શુલ્ક નિદાન કેમ્પ
તારીખ : ૧૭-૦૪-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
નોંધ: નામ નોંધાવવુ ફરજીયાત છે.

Prostate Cancer
કીડની
પ્રોસ્ટેટ
પથરી

નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## સમગ્ર પંથકમાં ‘‘જયભીમ’’નો નાદ ગુંજી ઉઠયો

# અમરેલી ખાતે ડો. બાબાસાહેબની જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી

**ચિતલ માર્ગ ઉપર આવેલ ડો. આંબેડકર હોલથી વિશાળ શોભાયાત્રાનો થયો પ્રારંભ**

**શહેરનાં રાજમાર્ગો ઉપર આવેલ વિવિધ મહાનુભાવોની પ્રતિમાને પણ પુષ્પાંજલિ અર્પણ કરાઈ**

**એસ.ટી. બસ પોર્ટ નજીક ડો. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ**

**ડો. બાબાસાહેબે કરેલ ઐતિહાસિક કાર્યોને યાદ કરવામાં આવ્યા**



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં આજે ભારતરત્ન ડો. બાબાસાહેબની ૧૩૪મી જન્મજયંતીની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં "જય ભીમ"નો નાદ ગુંજી ઉઠયો હતો. શોભાયાત્રા, પુષ્પાંજલિ સહિતનાં કાર્યક્રમોનું આયોજન કરાયું હતું અને મોટી સંખ્યામાં નાગરિકો વિવિધ કાર્યક્રમોમાં જોડાયા હતા.

અમરેલી શહેરમાં આજે ચિતલ રોડ પરથી ડો. બાબાસાહેબની વિશાળ શોભાયાત્રા યોજાઈ હતી. ડી.જે.નાં તાલ, "જય ભીમ"નો નાદ, ધ્વજ સાથે નીકળેલ વિશાળ શોભાયાત્રા શહેરનાં રાજમાર્ગો પર ફરી હતી અને એસ.ટી. બસપોર્ટ નજીક આવેલ ડો. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

તદ્ઉપરાંત સ્વયંમ સૈનિક દળ દ્વારા પણ ડો. બાબાસાહેબની જન્મ જયંતી નિમિત્તે શોભાયાત્રા સહિતનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા દરમિયાન સરદાર સર્કલે સરદાર પટેલ, ડો. જીવરાજ મહેતા ચોકમાં ડો. જીવરાજ મહેતા, રાજમહેલ કેમ્પસમાં સયાજીરાવ ગાયકવાડ સહિતનાં મહાનુભાવોને પણ શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

**ગાવડકા નજીક પહોંચતા અજાણ્યા વાહનચાલકે બાઈકને હડફેટે લેતા**

## અમરેલી ખાતે ડો. બાબાસાહેબની જન્મજયંતીની ઉજવણીમાં આવી રહેલ ગૌતમભાઈ રાઠોડનું માર્ગ અકસ્માતમાં મોત

**સ્થાનિક પોલીસે અજાણ્યા વાહનચાલકની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૧૪

અમરેલી તાલુકાના મેડી ગામે આવેલ પ્રાથમીક શાળા પાછળ રહેતા રામજીભાઈ વિસાભાઈ રાઠોડના ભત્રીજા ગૌતમભાઈ ભીમજીભાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

**સ્થાનિક વિસ્તારમાં દોડધામ મચી**

## રાજુલામાં ટાવર નજીક આગ લાગતાં કાર બળીને ભડથુ થઈ ગઈ

**બાજુની શાળામાંથી પાણીની મદદ લેવાઈ**



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૧૪

રાજુલા શહેરમાં ટાવરની સામે આવેલ નાસ્તા ગલીમાં સ્વીફટ કાર સીએનજી પાર્ક કરેલી હતી જેમા અચાનક આગ લાગવાના કારણે અફડા તફડી

**અનુસંધાન પાના ૬ ઉપર**

**કળિયુગને પણ સારો કહેવરાવે તેવી ઘટના બની રહી છે**

# હદ થઈ : લાઠીનાં ગ્રામ્ય વિસ્તારમાં એક તરૂણી સાથે પિતરાઈ ભાઈએ અવારનવાર દુષ્કર્મ કર્યુ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી આરોપીને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા**

અમરેલી, તા. ૧૪

લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી તરૂણીને તેણીનો પિતરાઈ ભાઈ બદકામ કરવાના ઈરાદે લલચાવી, ફોસલાવી, લગ્નની કરવાની લાલચ આપી અને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી પોતાના મોટર સાયકલ ઉપર બેસાડી તેણીને અમરેલીના આંકડીયા ગામ બાજુની કોઈપણ સીમમાં લઈ જઈ તરૂણી ઉપર વારંવાર બળાત્કાર ગુજાર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવમાં મુળ મધ્યપ્રદેશની વતની અને હાલ લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષ અને ૧૧ માસની ઉંમર ધરાવતી એક તરૂણીને ગત તા. ૬ના રોજ રાત્રે ૯ વાગ્યે આરોપી તરૂણીનો સગો મોટા બાપુનો દિકરો થતો હોય. તેમ છતાં તરૂણીને બદકામ કરવાના ઈરાદે લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી અને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી પોતાના હવાલાવાળા મોટર સાયકલ ઉપર બેસી જવાનું કહીને તેણીને અમરેલીના આંકડીયા ગામ બાજુની કોઈપણ સીમમાં ભગાડી લઈ જઈ તરૂણી ઉપર વારંવાર બળાત્કાર કરી બાદમાં ભોગ બનનારના ભાઈ તેમને વતનમાં લઈ જતા પોતાના પિતા/વાલીપણામાં પરત ફરતા ભોગ બનનાર તરૂણીએ પોતાના પિતરાઈ ભાઈ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી પાડવા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
NST Machine
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)

સરનામું
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

સ્પે. એકઝીબીશન કમ સેલ
સેલ ફકત 3 દિવસ
તા.૧૫,૧૬,અને ૧૭એપ્રિલ-૨૦૨૫
ફુલ ડિસ્કાઉન્ટ
સેલ
•પ્યોર મારવાડી •સીલ્ક મારવાડી
•હાફ પ્યોર મારવાડી
•દરબારી ખાટલા કામ સાડી
•દરબારી ચણીયાચોળી
•ચણીયાચોળીના દુપટ્ટા
•રાજપુતિ જવેલરી
•સ્પે. રાજસ્થાની ચુડાસેટ
ખાટલા કામ મારવાડી પોશાકનો ભવ્ય સેલ

લગ્ન પ્રસંગ સ્પે. કલેકશન સેલ
Sunday open
લેઉવા પટેલ વાડી
હીરામોતી ચોક, લીલીયા રોડ, સુખનાથ પરા, અમરેલી, મો. 8209578791

# બાબાપુર ખાતે શ્રી સર્વોદય આશ્રમમાં ડો. બાબાસાહેબની જન્મ જયંતીની ઉજવણી






તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બાબાપુરમાં મંદાકિનીબેન પુરોહિતના માર્ગદર્શનમાં શ્રી સર્વોદય આશ્રમ બાબાપુરમાં શ્રી પોસ્ટ બેઝિક હાઈસ્કૂલ અને શ્રી મહિલા અધ્યાપન મંદિર બાબાપુરના સંયુક્ત ઉપક્રમે ડા. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે 'વંદન તને, ભારતરત્ન ભીમરાવ' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ સરગમ ગ્રુપના ભાવસભર ગીતથી થયો હતો. ત્યારબાદ આ. મીનીબેન તથા આ. મોહનભાઈ વાળા, નસીમબેન સંવટ, હરગોવિંદભાઈ પંડ્યા, તૃપ્તિબેન મહેતા, અંજનાબેન વરડાંગર તેમજ નાનકડી ઢીંગલીના હસ્તે દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. હિમાંશુભાઈ જોષીએ કાર્યક્રમના મુખ્ય વક્તા મોહનભાઈ વાળાનું શાબ્દિક સ્વાગત કરી, બાબાસાહેબ જન્મજયંતિ આનુષંગિક પોતાના વિચારો રજૂ કર્યા હતા. શ્રી પોસ્ટ બેઝિક હાઈસ્કૂલ બાબાપુરના ભાઈઓએ, બહેનોએ અને શ્રી મહિલા અધ્યાપન મંદિરના તાલિમાર્થિનીઓએ ખૂબ સરસ રીતે પ્રાસંગિક વકતવ્ય રજૂ કર્યા હતા. હરગોવિંદભાઈ પંડ્યાએ બાબા સાહેબની વિચારધારાને આનુષંગિક પોતાના વિચારો અભિવ્યક્ત કર્યા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા મોહનભાઈ વાળાએ બાબાસાહેબના વિચારોની સાથેસાથે પોતાના અનુભવો પણ વ્યક્ત કર્યા હતા. બાબાસાહેબના વિચારોને મૂર્તસ્વરૂપ આપવામાં આપણા સેના પ્રેરણાસ્રોત લાલજી ગુઢજી, બાલુકાકા, મોટા દાદા, પૂ. મોટાં બાના યોગદાનને યથોચિત રીતે નવાજયું હતું. આપણા સૌના પ્રેરણાસ્રોત મંદાકિનીબેન પુરોહિતે પણ આશીર્વચન અર્પતાં જણાવ્યું હતું કે બાબાસાહેબના જીવનમાંથી શીખવા જેવી બાબત એ છે કે મુશ્કેલ પરિસ્થિતિમાંથી કેવી રીતે પ્રગતિ કરી શકાય. 'વિચાર કરતાં આચરણ મૂલ્યવાન છે' એ જણાવી માર્મિક ટકોર પણ કરી હતી. લલિતભાઈ મકવાણાના આભાર દર્શન સાથે કાર્યક્રમ ખૂબ ભાવસભર વાતાવરણમાં સંપન્ન થયો હતો.

### નાદ ઈન્સ્ટિટયૂટ ઓફ મ્યુઝિક દ્વારા

## અમરેલી ખાતે શાસ્ત્રીય સંગીત સમારોહનું સુંદર આયોજન થયુ

### ગુજરાત સંગીત નાટક એકેડમીનો રહ્યો સહયોગ




અમરેલી, તા. ૧૪

અમરેલી ખાતે તારીખ ૧૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ જાણીતા તબલાવાદક ડો. મનોજ ઠાકરની સંસ્થા નાદ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મ્યુઝિક, અમરેલી અને ગુજરાત સંગીત નાટક એકેડમી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે શાસ્ત્રીય સંગીત સમારોહનું આયોજન શશાંક મહાજન પાર્ટી પ્લોટ માંથયું.

આ ગરીમા પૂર્ણ શાસ્ત્રીય સંગીત સમારોહ અમરેલીના એસ.પી. સાહેબ, સંજય કુમાર ખરાત, નગરપાલિકા પ્રમુખ લીંબાણી સાહેબ, નગરપાલિકા સદસ્ય નિલેશભાઈ ધાધલ તથા સુશ્રી ખુશ્બુબેન ભટ્ટ, નુતન સ્કૂલના પ્રિન્સિપાલ વિપુલભાઈ વ્યાસ, સરસ્વતી વિદ્યાલયના સંચાલક વિજયભાઈ મહેતા અને અન્ય અતિથિ વિશેષ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકાયો.

કાર્યક્રમના પ્રારંભમાં સુશ્રી શિવાનીબેન વ્યાસ દ્વારા સરસ્વતી માતાજીની પ્રાર્થનાનું ગાન રજૂ થયું. ત્યારબાદ ગુજરાતના જાણીતા વાંસળી વાદક ડોક્ટર સંજીવ ધારૈયા દ્વારા બાસુરી પર રાગ મારૂ બિહાગની પ્રસ્તુતિ થઈ. પ્રારંભમાં રાગના સ્વરોના ઢંગદાર આલાપ, જોડ ઝાલા અને ત્યારબાદ તાલ રૂપક અને તીનતાલમાં ગત દ્વારા તેઓએ રાગ મારૂ બિહારને સંપૂર્ણ સ્વરૂપે ખીલવ્યો અને શ્રોતાગણની દાદ મેળવી. તેમની સાથે ડો. મનોજ ઠાકરએ કાબિલે દાદ સમજપૂર્વકની તબલા સંગત કરી. કાર્યક્રમના બીજા ચરણમાં ગુજરાત સરકાર દ્વારા સંગીત ક્ષેત્રે ગૌરવ પુરસ્કૃત સુશ્રી વર્ષાબેન ત્રિવેદી દ્વારા શાસ્ત્રીય ગાયન રજૂ થયું. તેઓ ગુજરાતના ખૂબ જ જાણીતા સંગીતકાર સ્વર્ગસ્થ રસિકભાઈ અંધારિયાના શિષ્યા છે. શરૂઆતમાં રાગ બાગેશ્રીમાં વિલંબિત એકતાલ અને ત્યારબાદ તીનતાલમાં તેઓએ છટાદાર પ્રસ્તુતિ કરી. ત્યારબાદ રાગ જોગમાં છોટા ખયાલની બંદિશ રજુ કરી. અને ત્યારબાદ એક ઠુમરી રજૂ કરી અને પોતાના ગુરૂ ખ્યાતનામ સંગીતકાર સ્વ. રસિકભાઈ અંધારીયાની ધરોહરને તાજી કરાવી આપી. તેઓની ૭૪ વર્ષની ઉંમર છતાં મજબૂત ગાયકી તેમના રિયાઝની સાક્ષી પુરતા હતા. તેમની સાથે તબલા સંગત વડોદરાના કપિલ પંડિત તથા હાર્મોનિયમ સંગત નીરવ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા ઉદ્ઘોષક અર્જુન દવે દ્વારા સુપેરે કરવામાં આવ્યું. નાના એવા અમરેલીમાં આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલા શ્રોતા ગણોએ એ છેક છેલ્લે સુધી બેસી શાસ્ત્રીય સંગીતની કલાનો લાભ લીધો, જે અમરેલીના પ્રજાજનોની સંગીત પ્રત્યેની ચાહના દર્શાવે છે.

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી સાવરકુંડલામાં ચાલતો વરલી મટકાનો જુગાર ઝડપાયો

### રૂપિયા ૧૧ હજારનો મુદ્દામાલ કબ્જે કરાયો



અમરેલી તા. ૧૪

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી. એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ સાવરકુંડલા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી રાહે મળેલ હકીકતના આધારે સાવરકુંડલામાંથી રજાકભાઈ ઉર્ફે ઘુઘો હાસમભાઈ ખોખર, (રહે.બીડી કામદાર સોસાયટી, શેરી નં.૧૧, સાવરકુંડલા) વાળા ઈસમને જાહેરમાં વરલી મટકાના આંકડાઓ લઈ, વરલી મટકાનો જુગાર રમાડતા રોકડ રકમ રૂપિયા ૧૧,૫૨૦ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, પકડાયેલ ઈસમ વિરૂપ્રધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### કોંગી આગેવાનોએ પુષ્પાજંલિ અર્પણ કરી

## અમરેલી : ડો. બાબાસાહેબની જન્મ જયંતીની ઉજવણી કરાઈ

### મોટી સંખ્યામાં કોંગીજનો ઉપસ્થિત રહ્યા




અમરેલી, તા. ૧૪

અમરેલી જૂના માર્કેટિંગ યાર્ડ અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે સવારે ૧૧ વાગે ભારતરત્ન ડોક્ટર બાબા સાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલિ તેમજ અમરેલી શહેરમાં આવેલ મોટા બસ સ્ટેન્ડ પાસે આવેલ પ્રતિમાને સુતરની આટી પહેરાવી અર્પણ કરીને નમન કરીને જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા કોંગ્રેસના પૂર્વપ્રમુખ ડી કે રૈયાણી, અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપ પંડ્યા, અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી, અમરેલી નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા પ્રહલાદભાઈ સોલંકી, અમરેલી મહિલા કોંગ્રેસના પ્રમુખ મીનાબેન સોડાંગર, અમરેલી જિલ્લા કોંગ્રેસના મહામંત્રી જગદીશભાઈ તળાવીયા, મહામંત્રી જગદીશભાઈ પાનસુરીયા, અમરેલી જિલ્લા ઓબીસી સેલના પ્રમુખ રમેશભાઈ ગોહિલ તેમજ ઓબીસી સેલના આગેવાન નારણભાઈ મકવાણા, અમરેલી શહેર કોંગ્રેસના મહામંત્રી એમ એ કુરેશી, જિલ્લા કોંગ્રેસના આગેવાન નરેશભાઈ અધ્યારૂ, અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રવકતા મુજફર હુસેન સૈયદ સાહેબ, અમરેલી શહેર કોંગ્રેસ અનુસૂચિત જાતિના પ્રમુખ ડી ડી પરમાર, અમરેલી શહેર યુવક કોંગ્રેસના પ્રમુખ તેજસભાઈ મસરાણી, અમરેલી શહેર કોંગ્રેસ અનુસૂચિત જાતિના ઉપપ્રમુખ ગોપાલભાઈ ચૌહાણ, અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસ સુપર શકિતના મહિલા પ્રમુખ દક્ષાબેન ગોપાલભાઈ ચૌહાણ, અમરેલી તાલુકા કોંગ્રેસના આગેવાન ડાયાલાલ મહેતા તેમજ અમરેલી તાલુકા કોંગ્રેસના આગેવાન રાજુભાઈ સોલંકી, અમરેલી શહેર કોંગ્રેસના આગેવાન મહેબુબા આગેવાન સહિત કોંગ્રેસ પરિવારના તમામ હોદ્દેદારો નગરપાલિકા કાઉન્સિલરો તાલુકા પંચાયત સભ્ય જિલ્લા પંચાયત સભ્યો આગેવાન, વડીલો, કાર્યકર્તાઓ, તમામ ફ્રન્ટના હોદ્દેદારો તથા કોંગ્રેસના હારેલા જીતેલા તમામ સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા તેવું અમરેલી જિલ્લા કોંગ્રેસ કાર્યાલયના ઈન્ચાર્જ હિરેનભાઈ મશરૂની અખબારી યાદી જણાવે છે.

### ડો. બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાહાર અર્પણ કરી

## બાબરા ખાતે બંધારણનાં ઘડવૈયા ભારત રત્ન ડો. બાબાસાહેબની જન્મ જયંતીની ઉજવણી

### પાલિકા પ્રમુખ, ભાજપ મહામંત્રી સહિતનાં આગેવાનો જોડાયા




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરામાં ડો. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી શહેર ભાજપ તાલુકા ભાજપ અને નગરપાલિકા દ્વારા કરવામાં આવી હતી. અહીં કરીયાણા રોડ સર્કલ પર આવેલ બાબાસાહેબની પ્રતિમાંને ફુલહાર કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા તેમજ તેમના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા.

બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ આંબેડકરની ૧૩૪ જન્મ જયંતી પર તમામ ભાજપના અગ્રણીઓ દ્વારા જય ભીમના નારા સાથે જય ઘોસ કરી બાબાસાહેબને ફુલહાર કર્યા હતા.

આ તકે જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, શહેર ભાજપના પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી, જગદીશ વાવડીયા, ધર્મેશભાઈ વાવડીયા, લલીતભાઈ વેકરિયા, મહેશભાઈ ભાયાની, અનિભાઈ મકવાણા સહિતના ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શોભાયાત્રા, પુષ્પાંજલી સહિતનાં કાર્યક્રમો વચ્ચે

## વડિયા ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીની આસ્થાભેર ઉજવણી

### મોટી સંખ્યામાં અનુ.જાતિ સમાજનાં નાગરીકો જોડાયા




તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧૪

વડિયામાં ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ફુલહારથી શણગાર સજી વડિયાની મુખ્ય બજારમાં ડી.જે.ના તાલે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે વડિયા પોલીસ સ્ટેશનમાં બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરી વડિયા શિવાજી ચોક ખાતે ટ્રેકટર દ્વારા શોભાયાત્રા નીકળી હતી. ત્યારે મામલતદાર કચેરીએ, ગ્રામ પંચાયત ખાતે પણ પ્રતિમાને હારતોરા કર્યા હતા. વડિયા આંબેડકર હોલથી મુખ્ય બજારમાં ફરી ગાંધીચોક સુધી લોકો શોભાયાત્રામાં જોડાયા હતા. જેમાં મોટી સંખ્યામાં મહિલા સહિતના આગેવાનો લોકો ઉપસ્થિત રહ્યા

# ગરમલી (ચરખા) ગામે રામદેવજી મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



ચલાલા ગરમલી (ચરખા) ગામે રામજી મંદિરનું નિર્માણ ગામના સહયોગથી થયું. પ્રતિષ્ઠા રાખેલ, જે નિમિત્તે સમગ્ર ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી અને સમગ્ર ગામનાં સાથ સહકારથી આ શુભ કાર્ય સંપન્ન થયું. શોભયાત્રામાં પુ.સંત વલકુબાપુ તથા પૂ. સંત ડો. રતિદાદાની પધરામણી, ધર્મસભા સાથે દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી. સમગ્ર ગ્રામજનો માટે ધુવાડા બંધ ભોજન પ્રસાદ લેવામાં આવેલ.

## મીટરગેજ માટે અમરેલીમાં અલગથી પ્લેટફોર્મ બનવાનાં હોવાથી

# અમરેલીથી વિસાવદર સુધી મીટરગેજ ૬ મહિના બંધ થશે

આગામી થોડા જ દિવસોમાં અમરેલીથી વિસાવદર સુધીનો રેલ્વે વ્યવહાર થશે બંધ

અમરેલીમાં કુલ ૩ રેલ્વે પ્લેટફોર્મ બનશે જેમાં ૧ અને ૨ બ્રોડગેજ અને ૩ મીટરગેજ માટે બનશે

મીટરગેજનાં પ્લેટફોર્મ પર જવા માટે સીડી અને એક્સેલેટરની સુવિધા ઉભી કરાશે

અમરેલીનાં આઝાદીમાં ૯ દાયકા બાદ બ્રોડગેજ સુવિધા મળવાની કામગીરીથી સૌ ખૂશ







અમરેલી, તા. ૧૪

અમરેલીમાં ચાલી રહેલી બ્રોડગેજની કામગીરીમાં મીટરગેજ માટે અલગથી પ્લેટફોર્મ બનવાનું છે અને લાઈન બદલવાની હોવાથી ૬ મહિના માટે મીટર ગેજ બંધ રાખીને કામગીરી કરવામાં આવનાર છે. આથી ચોકકસ મુદત પુરતી મીટરગેજ લાઈન બંધ રાખવા માટે એપ્રિલ મહિનામાં જ રેલ્વે ધ્વારા વિધિવત રીતે નોટિફિકેશન બહાર પાડવામાં આવે તેવી શકયતા છે.

અમરેલીમાં ૩૦ વર્ષની લડતના અંતે બ્રોડગેજ મંજૂર કરવામાં આવી છે અને આલમાં તેની કામગીરીનો ધમધમાટ ચાલી રહ્યો છે. પણ સ્થાનિક નેતાઓ ધ્વારા અગાઉ વિરોધ કરવાના કારણે મીટર ગેજ હંગામી સમય મા ટે બંધ રાખવાનો નિર્ણય લેવાયો ન હોવાના કારણે કામગીરી આગળ વધી શકતી નથી. અગાઉ અમરેલીના પરા સ્ટેશનેથી ચાલું રાખવા, ધારી કે ચલાલાથી ચાલુ રાખવા સહિતની તમામ સંભાવનાઓ અંગે રજૂઆતો કરવામાં આવી હતી પણ ટેકનિકલ કારણોના લીધે તે શકય ન હોવાથી અંતે અમરેલીથી વિસાવદર સુધી મીટરગેજ ૬ મહિના માટે બંધ રાખવામાં આવનાર છે અને ચાલું મહિનાનાં અંત સુધીમાં આ માટે સત્તાવાર રીતે રેલ્વે ધ્વારા નોટિફિકેશન બહાર પાડવામાં આવે તેવી શકયતા છે.

મીટર ગેજ બંધ થવાના કારણે અમરેલી, અમરેલી પરા, ધારી અને ચલાલ રેલ્વે સ્ટેશનોને અસર થશે ને અમરેલીથી જુનાગઢ તથા વેરાવળ જવા માટે જે ટ્રેનો ચાલે છે તે ૬ માસ બંધ રહેશે.આ પછી ફરીથી ચાલું કરી દેવામાં આવશે.

### અમરેલીથી ધારી સુધી મીટરગેજની નવી લાઈન નખાશે : સાંસદ સુતરીયા

આ અંગે અમરેલીનાં સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યું કે, અમરેલીથી ધારી સુધી મીટરગેજની નવી લાઈન નાખવાની છે અને આ કામગીરી અમરેલીમાં મીટરગેજનું પ્લેટફોર્મ બદલવાનું હોવાથી જરૂરી છે. તેથી ત્યાં સુધી ચાલુ રાખી શકાય તેમ નથી. ચલાલાથી ચાલું રાખવાની માંગ કરી હતી પણ ચલાલામાં એન્જિન પાછુ વાળવા માટેની સુવિધા નથી આ સુવિધા માત્ર અમરેલીમાં છે. શકય હોય તો પરા સ્ટેશનથી, ધારીથી કે ચલાલાથી પણ ચાલુ રાખવા માટેની માંગણી કરી હતી ને અત્યાર સુધી બંધ રાખવાનો નિર્ણય અટકાવી રાખ્યો હતો પણ ટેકનિકલ કારણોના લીધે બંધ રાખવા સિવાય કોઈ વિકલ્પ નથી.

### અમરેલીમાં બ્રોડગેજના બે અને નં. 3 મીટરગેજનું પ્લેટફોર્મ બનશે

અમરેલી રેલ્વે સ્ટેશનના નવ નિર્માણની કામગીરી ચાલી રહી છે તેમાં પ્લેટફોર્મ નં. ૧ અને ૨ એ બ્રોડગેજ માટેના બનશે અને હાલમાં નં. ૧ પર મીટરગેજ છે તે પ્લેટફોર્મ નં. ૩ પર જશે અને ત્યાં જવા માટે સીડી, એકસેલેટર વગેરે સુવિધા ઉભી કરવામાં આવશે. આ કામગીરીમાં અમરેલીના લાઠી રોડ ફાટક પર ઓવરબ્રિજ પણ બનવાનો છે.

### મીટરગેજ બંધ ન થાય તો સારૂ પણ બ્રોડગેજના ભોગે નહીં : મિશન બ્રોડગેજ

આ અંગે મિશન બ્રોડગેજ સમિતિ અમરેલીનાં પ્રમુખે જણાવ્યું કે, મીટરગેજ ચાલુ રહે તેવી માંગણી તેમના ધ્વારા લાંબા સમયથી કરવામાં આવી હતી. પણ ટેકનિકલ કારણોસર તે શકય નથી તેવા સંજોગોમાં મીટરગેજ પણ ચાલું જ રહે તેવી લાગણી તો છે જ પણ તે બ્રોડગેજના ભોગે નહીં. બ્રોડગેજ આટલા વોર્ષની લડત પછી મળી રહી છે અને કોઈપણ ભોગે તેની કામગીરી અટકવી ન જોઈએ કે તેને અસર થવી ન જોઈએ.

### અમરેલીથી સોમનાથ જવા માટેની બસ ચાલુ કરો : જિલ્લા વિકાસ સમિતિ

આ અંગે અમરેલી જિલ્લા વિકાસ સમિતિનાં પ્રમુખ રાજેશભાઈ ગાંધીએ જણાવ્યું કે, અમરેલીથી વેરાવળ જવા માટે ટ્રેન હતી. હવે ૬ મહિના માટે બંધ રહેવાની શકયતા છે ત્યારે એસ.ટી. ધ્વારા અમરેલીથી મુસાફરો સવારે સોમનાથ થઈ શકે અને ત્યાં આરામથી દર્શનનો લાભ લીધા બાદ સાંજે અમરેલી પરત ફરવા માટે તેમને બસ મળે અને ત્યાં રાત્રિ રોકાણ ન કરવું પડે તે રીતે એસ.ટી. બસ ચાલું કરવા માટે માંગણી કરવામાં આવી છે.

## ડો. બાબાસાહેબની જન્મ જયંતી નિમિત્તે

# બાબરા ખાતે આર.એસ.એસ અને વિહિપ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### મોટી સંખ્યામાં જરૂરિયાતમંદોએ લાભ લીધો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૪

બાબરામાં ડો ભીમરાવ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતી પર અહીં તા ૧૩ અને ૧૪ એપ્રિલ એમ બે દિવસ સુધી ગ્રાઉન્ડ ચોક ખાતે આવેલ અબ્દુલ કલામ પ્રાથમિક શાળા તેમજ કાંકરિયાચોર વિસ્તારમાં આંબેડકર હોલ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેરના મોટાભાગના લોકોએ લાભ મેળવ્યો હતો.

વિ હિંદુ પરિષદ અને આર.એસ.એસના સયુંકત ઉપક્રમે આયોજિત આ સર્વરોગ નિદાન કેમ્પમાં જાણીતા નિષ્ણાત તબીબો દ્વારા સેવા આપવામાં આવી.

## શ્રીધર અતુલકુમાર જાની આયુર્વેદિક કોલેજ ખાતે

# અમરેલીમાં ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીની ઉજવણી

### રેલી અને બંધારણ શપથગ્રહણ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧૪

ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતી નિમિત્તે શ્રીધર અતુલકુમાર જાની આયુર્વેદિક મેડીકલ કોલેજ અમરેલીના એન.એસ.એસ યુનિટના વિદ્યાર્થીઓ દ્વારા સવારે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આ રેલીમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને



શૈક્ષણિક, બિન શૈક્ષણિક અને હોસ્પિટલ સ્ટાફએ ઉત્સાહપૂર્વક રેલીનું સફળ આયોજન કરેલ અને વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા બંધારણને અનુસરવાનો શપથ ગ્રહણ કરવામાં આવેલ.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢરોડ,અમરેલી. -Ad 006

સંકુલ ઓછી ફી - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ

| | | | |
|---|---|---|---|
| બાલમંદિર ગુ.મી. | ૩૪૦૦ | ધો. ૧૧-૧૨ સાયંસ ગુ.મી. | ૨૭૨૦૦ |
| ધો. ૧ થી ૫ ગુ.મી. | ૫૬૦૦ | આર્ટસ કોલેજ Psy-Soc-Eng | ૧૪૦૦૦ |
| ધો. ૬ થી ૮ ગુ.મી. | ૬૬૦૦ | કોમર્સ કોલેજ બન્ને મિડીયમ | ૧૮૨૦૦ |
| ધો. ૯ – ૧૦ ગુ.મી. | ૭૮૦૦ | સાયંસ કોલેજ માઈક્રો – BT | ૨૬૨૦૦ |
| ધો. ૧૧-૧૨ આર્ટસ ગુ.મી. | ૭૦૦૦ | BCA કોલેજ - AICTE | ૨૬૨૦૦ |
| ધો. ૧૧-૧૨ કોમર્સ ગુ.મી. | ૭૮૦૦ | BBA કોલેજ - AICTE | ૧૯૬૦૦ |






ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦,પહેલા માળે, હિરબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦









ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...

મગડી ગુંદીના લાડુ

નાયલોન તથા વાટીદાળનાં ખમણ

પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ

તેમજ અવનવા તાજા ફરસાણ મળશે

સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી

બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો

તેમજ અમારી

સ્પે. આઈટમ ફરાળી ચટણી

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫




### ભાજપના નેતાના દાવાથી ખળભળાટ

# બિહાર વિધાનસભા ચૂંટણીઓમાં ૨૪૩માંથી NDA ને ૨૨૫ બેઠક મળશે

## જીવેશ મિશ્રાએ JDUના અન્ય સાથેના ગઠબંધનને નિષ્ફળ ગણાવ્યું વિપક્ષની ૨૦૧૦થી પણ ખરાબ હાલત થવાનો કર્યો દાવો

પટણા, તા.૧૪

બિહારના ભાજપના મંત્રી જીવેશ મિશ્રાએ ભરૂચની મુલાકાત દરમિયાન આગામી બિહાર વિધાનસભાની ચૂંટણીને લઈને મોટો દાવો કર્યો છે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે NDA ગઠબંધન આગામી વિધાનસભા ચૂંટણીમાં જંગી બહુમતી સાથે ૨૨૫ બેઠકો જીતશે. જીવેશ મિશ્રાએ પોતાના નિવેદનમાં લ્ઢ્હૈના અન્ય પક્ષો સાથેના ગઠબંધન અંગે પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે જ્યારે પણ લ્ઢ્હૈએ અન્ય કોઈ પક્ષ સાથે ગઠબંધન કર્યું છે, ત્યારે તે ક્યારેય સફળ રહ્યું નથી. તેમના આ નિવેદનથી બિહારના રાજકીય ગરમાવામાં વધારો થયો છે.

વધુમાં, જીવેશ મિશ્રાએ વિપક્ષની સ્થિતિ અંગે પણ આગાહી કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે આગામી ચૂંટણીમાં વિપક્ષની હાલત ૨૦૧૦ની ચૂંટણી કરતાં પણ વધુ ખરાબ થવાની છે. તેમણે આ અંગે કોઈ ચોક્કસ કારણો આપ્યા નહોતા, પરંતુ તેમનો આ દાવો વિપક્ષ માટે ચોક્કસપણે ચિંતાજનક હોઈ શકે છે.

પોતાના નિવેદનમાં જીવેશ મિશ્રાએ વક્ફ કાયદાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે વક્ફ કાયદાના કારણે મુસ્લિમ સમુદાયનો નબળો વર્ગ હવે ભાજપ તરફ વળી રહ્યો છે. જો કે, તેમણે આ દાવાને સમર્થન આપવા માટે કોઈ વધુ માહિતી આપી નહોતી, પરંતુ તેમના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા શરૂ થઈ શકે છે. બિહાર ભાજપના મંત્રી જીવેશ મિશ્રાનો આ મોટો દાવો આગામી વિધાનસભા ચૂંટણીના પરિણામો અંગે અનેક અટકળોને જન્મ આપી શકે છે. હવે જોવાનું એ રહે છે કે તેમનો આ દાવો કેટલો સાચો સાબિત થાય છે.

બિહાર વિધાનસભાની ચૂંટણી નજીક આવતાની સાથે જ રાજ્યનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. વકફ એક્ટના વિવાદને પગલે જનતા દળ યુનાઈટેડ (JDU)ના કેટલાક મોટા મુસ્લિમ નેતાઓએ પાર્ટી છોડી દેતાં રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા છે.

આ દરમિયાન, ભારતીય જનતા પાર્ટી (BJP)ના વરિષ્ઠ નેતા અને હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીના એક નિવેદને નવી ચર્ચા જગાવી છે. તેમણે કહ્યું હતું કે આ વખતની ચૂંટણી પાર્ટી સમ્રાટ ચૌધરીના નેતૃત્વમાં લડશે. આ નિવેદન બાદ રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા તેજસ્વી યાદવે તેમના પર કટાક્ષ કર્યો છે, જેના કારણે રાજકીય તાપમાનમાં વધુ વધારો થયો છે. ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ રાજકીય પક્ષો વચ્ચે આરોપ-પ્રત્યારોપનો દોર તેજ બન્યો છે.

### રાહુલ ગાંધીનો નવો ગુજરાત કાર્યક્રમ જાહેર

# એક દિવસ અમદાવાદ અને બીજા દિવસે મોડાસામાં યોજાશે કાર્યક્રમ

## કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અમદાવાદમાં નિરીક્ષકો સાથે ઓરિએન્ટેશન બેઠક કરશે

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં જિલ્લા પ્રમુખોની વરણી માટે ઓબ્ઝર્વરની નિમણૂક કર્યા આગામી ૧૫મી એપ્રિલે મોડાસામાં રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં પ્રથમ બેઠક મળવાની હતી. પરંતુ આ કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે. મોડાસામાં જે બે દિવસનો કાર્યક્રમ હતો તે હવે એક દિવસ યોજાશે. નવા કાર્યક્રમ મુજબ એક દિવસ અમદાવાદ અને બીજા દિવસે મોડાસામાં સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે અમદાવાદમાં નિરીક્ષકો સાથે ઓરિએન્ટેશન બેઠક કરશે. ઉલ્લેખનીય છે કે આગામી ૨૦૨૭માં યોજાનારી ચૂંટણીમાં ભાજપને માત આપવાનો કોંગ્રેસે પડકાર ફેંક્યો છે. તાજેતરમાં ગુજરાતમાં યોજાયેલા રાષ્ટ્રીય અધિવેશન બાદ જે ઠરાવો કરવામાં આવ્યા છે તેના પર અમલ લાગૂ કરવાની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે કોંગ્રેસે તાજેતરમાં ગુજરાતમાં જિલ્લા પ્રમુખોની વરણી માટે ઓબ્ઝર્વરની નિમણૂક કરવામાં આવી છે. ૪૧ પ્રમુખો નક્કી કરવા માટે AICCના ૫૦ અને PCCના ૧૮૩ નેતાઓને જવાબદારી સોંપવામાં આવી છે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય અધિવેશનમાં કહ્યું હતું કે 'તેલંગાણામાં જાતિ ગણતરી કરવા માટે અમે એક ક્રાંતિકારી પગલું ભર્યું છે. અમારે જાણવું હતું કે આ દેશમાં કોની કેટલી ભાગીદારી છે. મેં સંસદમાં પીએમ મોદીને કહ્યું હતું કે તમે જાતિ ગણતરી કરાવો. દેશને ખબર હોવી જોઈએ કે કેટલા દલિત છે, કેટલા પછાત છે, ગરીબ જનરલ વર્ગના લોકો કેટલા છે. પીએમ મોદી અને આરએસએસએ સ્પષ્ટ કરી દીધું કે અમે જાતિ આધારિત વસતી ગણતરી કરાવવા માંગતા નથી. અમે સંતાડવા માંગીએ છીએ. મેં કહ્યું કે, તમે છુપાવવું હોય એટલું છુપાવો. અમે અહીંથી જાતિ આધારિત વસતી ગણતરી પાસ કરીશું. હું ફરીથી કહી રહ્યો છું કે ૫૦ ટકા અનામતની જે દીવાલ છે તેને અમે તોડી દઈશું. અમે જે તેલંગાણામાં કર્યું તે દિલ્હીમાં અને આખા ભારતમાં કરવા જઈ રહ્યા છીએ.'

### દિગ્ગજ નેતાએ NDAને કહ્યું, આવજો

# બિહારની ચૂંટણી પહેલા ભાજપ-JDUને ઝટકો

## પશુપતિ પારસે બિહારની તમામ ૨૪૩ વિધાનસભા બેઠકો પર સદસ્યતા અભિયાન શરૂ કરવાની પણ જાહેરાત કરી છે

પટણા, તા.૧૪

રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પશુપતિ પારસે ભાજપ સાથે ગઠબંધન તોડવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું છે કે, આજથી અમે NDA સાથે નથી, અમારો હવે કોઈ સંબંધ નથી. બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા પશુપતિ પારસની જાહેરાતથી દ્ગડ્ઢછને ઝટકો લાગી શકે છે. પશુપતિ પારસે બિહારની તમામ ૨૪૩ વિધાનસભા બેઠકો પર સદસ્યતા અભિયાન શરૂ કરવાની પણ જાહેરાત કરી છે.

પશુપતિ પારસે કેન્દ્ર અને બિહારની સરકાર પર પ્રહાર કરતાં કહ્યું હતું કે કે આ બંને સરકારો ભ્રષ્ટ અને દલિત વિરોધી છે. કેન્દ્ર સરકારે સંસદમાં બાબા સાહેબ આંબેડકરનું અપમાન કર્યું છે. પાર્ટીના ભવિષ્ય અંગે પશુપતિ પારસે જણાવ્યું છે કે આગામી સમયમાં પાર્ટીના તમામ નેતાઓ સાથે ચર્ચા બાદ નિર્ણય લેવામાં આવશે કે હવે કયા પક્ષ સાથે ગઠબંધન કરવામાં આવે.

નોંધનીય છે કે રામ વિલાસ પાસવાનના નિધન બાદથી જ પક્ષમાં અનેક વાદવિવાદ થતાં રહ્યા છે. રામવિલાસ પાસવાનના ભાઈ પશુપતિ પારસ અને રામવિલાસના પુત્ર ચિરાગ પાસવાન વચ્ચે પાર્ટી કોણ સંભાળશે તેને લઈને વિવાદ થઈ ચૂક્યો છે. ભારતીય જનતા પાર્ટીએ અગાઉ પશુપતિ પારસ સાથે જ ગઠબંધન કર્યું હતું, બાદમાં ચિરાગ પાસવાન સાથે ગઠબંધન કરી લીધું.

### સરકારે આપ્યા સંકેત

# ગુજરાત બોર્ડ ધો.૧૦-૧૨નું પરિણામ વહેલું જાહેર કરે તેવી શક્યતા

## મે મહિનાની શરૂઆતમાં બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થવાની શક્યતા

અમદાવાદ, તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામ વહેલા જાહેર થાય તેવી શક્યતા વર્તાઈ રહી છે. બોર્ડની પરીક્ષાના પરિણામને લઈને શિક્ષણ મંત્રીએ પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'ગત વર્ષની જેમ આ વર્ષે પણ પરિણામ વહેલા જાહેર થઈ શકે છે. મે મહિનાની શરૂઆતમાં બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થવાની શક્યતા.'

રાજ્યમાં બોર્ડના પરીક્ષાના પરિણામને લઈને શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, 'ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા વહેલી લેવામાં આવી હોવાથી પરિણામ પણ વહેલા જાહેર થવાની શક્યતા છે. આ માટે બોર્ડનો સ્ટાફ મહેનત કરી રહ્યો છે, ત્યારે આગામી મે મહિનાના પહેલા અઠવાડિયામાં ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થવાની શક્યતા છે.'
સપા અધ્યક્ષ અખિલેશ યાદવે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ 'X' પર બે વર્ષ જૂના એક સમાચાર અહેવાલનો સ્ક્રીનશોટ શેર કરીને લખ્યું હતું કે, 'ગુજરાત બોર્ડ રિઝલ્ટ: ૧૦માં ધોરણમાં ૧૫૭ સ્કૂલમાં શૂન્ય વિદ્યાર્થીઓ પાસ'. જ્યારે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલે પણ અખિલેશ યાદવની આ પોસ્ટને ફરી શેર કરતા ગુજરાતના શિક્ષણ મોડેલને લઈને ભાજપ પર પ્રહાર કર્યા હતા. આ મામલે પ્રફુલ પાનસેરિયાએ કહ્યું હતું કે, 'બંને ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, ભગવાન બંનેને સદબુદ્ધિ આપે...

### મહેશ વસાવા દેડિયાપાડાના ધારાસભ્ય રહી ચૂક્યા છે

# પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ ભાજપની સાથે છેડો ફાડ્યો

## મહેશ વસાવા દેડિયાપાડા ના ધારાસભ્ય રહી ચૂક્યા છે તેમણે આરોપ લગાવ્યો છે કે તેમના કામને ન્યાય આપવામાં આવી રહ્યો નથી

દેડિયાપાડા, તા.૧૪

ગુજરાતના પૂર્વ ધારાસભ્ય અને અગ્રણી આદિવાસી નેતા છોટુ વસાવા ના પુત્ર મહેશ વસાવા એ ભાજપ છોડી દીધું છે. તાજેતરમાં મહેશ વસાવા ભરૂચના પૂર્વ ભાજપ જિલ્લા પ્રમુખ મારુતિ સિંહ અટોદરિયાના માર્ગદર્શન હેઠળ ભાજપમાં જોડાયા હતા. મહેશ વસાવા દેડિયાપાડા ના ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે તેમના કામને ન્યાય આપવામાં આવી રહ્યો નથી. આદિવાસી નેતા મહેશ વસાવાએ પક્ષમાંથી રાજીનામું આપતા કહ્યું કે ભાજપમાં કામ કરીને ન્યાય મળતો નથી. મહત્વનું છે કે પૂર્વ MLA મહેશ વસાવા ૨૦૨૪ માં ભાજપમાં જોડાયા હતા. તેમણે ભારે નિરાશા સાથે પક્ષ સાથેના સંબંધો તોડી નાખ્યા છે. મહેશ વસાવા ડેડિયાપાડાના ભૂતપૂર્વ ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. મહેશ વસાવાએ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની હાજરીમાં ભાજપનો ખેસ ધારણ કર્યો હતો.

### શરિયત બંધારણથી ઉપર : હફીજુલ હસન

# સોરેનના મંત્રીનું વિવાદાસ્પદ નિવેદન, બીજેપી ભડકી

## હસન માત્ર પોતાના સમુદાય પ્રત્યે વફાદાર : ભાજપ

રાંચી, તા.૧૪

આજે દેશભરમાં ભારત રત્ન ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિ સન્માન અને ગૌરવ સાથે ઉજવવામાં આવી રહી છે.

દેશના લોકો બાબાસાહેબના યોગદાનને યાદ કરીને તેમની બંધારણ નિર્માણની ભૂમિકાને નમન કરી રહ્યા છે, જોકે ઝારખંડ સરકારના મંત્રીએ વિવાદાસ્પદ નિવેદન કરી બંધારણની મજાક ઉડાવતા રાજકારણ ગરમાયું છે.

ઝારખંડ સરકારના મંત્રી હફીજુલ હસને બંધારણ અંગે કરેલું એક નિવેદન સામે આવ્યું છે, જેમાં તેમણે કહ્યું છે કે, તેમના માટે શરિયત બંધારણથી ઉપર છે. આ નિવેદન બાદ વિપક્ષો, ખાસ કરીને ભાજપે રોષ વ્યક્ત કર્યો છે.

ભાજપ નેતા બાબુલાલ મરાંડીએ સોશિયલ મીડિયા એક્સ પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં મંત્રી હસન એવું બોલી રહ્યા છે કે, 'મારા માટે શરિયત મોટું છે, અમે છાતી પર કુરાનને રાખીએ છીએ અને હાથમાં બંધારણને. મુસ્લિમ પહેલા શરિયતને માનતો હોય છે, તેથી અમે પહેલા શરિયતને અપનાવીશું, ત્યારબાદ બંધારણને.'

બાબુલાલ મરાંડીએ પોસ્ટમાં લખ્યું છે કે, 'મંત્રી હાફિઝુલ હસન માટે બંધારણ નહીં પણ શરિયત મહત્વપૂર્ણ છે. તેઓ ફક્ત તેમના સમુદાય પ્રત્યે વફાદાર છે. ચૂંટણી દરમિયાન તેઓએ દલિતો, ગરીબો, આદિવાસીઓ પાસેથી મત માંગ્યા અને હવે તેઓ ઈસ્લામિક એજન્ડો ચલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.'

### પેગાસસ મુદ્દે ખુલાસા બાદ દેશની સુપ્રીમ કોર્ટ પર નજર

# મોદી સરકારે જાસૂસી ન કરાવ્યાના દાવાઓનો આખરે પર્દાફાશ થયો

## પેગાસસની માલિક એનએસઓ દ્વારા અમેરિકાની કોર્ટને ક્યા દેશમાંથી કોની કોની જાસૂસી કરાઈ તેની વિગતો અપાઈ છે

મુંબઈ, તા.૧૪

અમેરિકાની કોર્ટના દસ્તાવેજોમાં ભારતની નરેન્દ્ર મોદી સરકારે ૧૦૦ લોકોની જાસૂસી કરાવી હોવાના ખુલાસો થયો તેના પગલે ભારતમાં ફરી પેગાસસ સ્પાયવેરનો મુદ્દો ગાજ્યો છે. અમેરિકન કોર્ટના દસ્તાવેજોએ મોદી સરકારને ખોટી સાબિત કરી છે. મોદી સરકારે જૂઠાણું ચલાવ્યું હોવાનું સાબિત કર્યું છે ત્યારે સુપ્રીમ કોર્ટ મોદી સરકાર સામે આકરાં પગલાં લે અને જેમની જાસૂસી કરાઈ છે તેમનાં નામ જાહેર કરે એવી માગણી થઈ રહી છે. પેગાસસની માલિક એનએસઓ દ્વારા અમેરિકાની કોર્ટને ક્યા દેશમાંથી કોની કોની જાસૂસી કરાઈ તેની વિગતો અપાઈ છે. વોટ્સએપ પાસે પણ આ વિગતો છે ત્યારે મોદી સરકાર આ વિગતો કેમ જાહેર કરતી નથી એ સવાલ પણ થઈ રહ્યો છે. ભારતની સુપ્રીમ કોર્ટમાં ૨૨ એપ્રિલે પેગાસસ દ્વારા જાસૂસી સામેની અરજીઓ પર સુનાવણી થવાની છે ત્યારે સુપ્રીમ કોર્ટ મોદી સરકારને જેમની જાસૂસી કરાઈ હતી એ લોકોનાં નામ જાહેર કરવાની ફરજ પાડીને સરકાર સામે દેશને ગેરમાર્ગે દોરવા બદલ કેસ નોંધવા આદેશ આપે એવો સૂર વ્યક્ત થઈ રહ્યો છે. કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું હતું કે. ભારતના સર્વેલન્સ કાયદા અનધિકૃત જાસૂસીની મંજૂરી નથી આપતા તેથી પેગાસસ દ્વારા જાસૂસીની વાત ખોટી છે. વૈષ્ણવ સામે ખોટું બોલવા બદલ ક્રિમિનલ કેસ નોંધાય એવી પણ માગ ઉઠી છે. પેગાસ સ્પાયવેર મુદ્દે થયેલી અરજીઓમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, ભારત સરકારની એજન્સીએ રાજકારણીઓ, કાર્યકરો અને પત્રકારોના વિવિધ વર્ગના વ્યક્તિઓ પર જાસૂસી કરવા માટે ઈઝરાયેલી લશ્કરી ગ્રેડ સ્પાયવેરનો ઉપયોગ કર્યો હતો. આ રીતે જાસૂસી કરીને તેમના પ્રાઈવસીના મૂળભૂત અધિકારોનો ભંગ કરાયો છે ત્યારે સુપ્રીમ કોર્ટે દેશના નાગરિકોના મૂળભૂત અધિકારોના ભંગ બદલ મોદી સરકાર સામે આકરાં પગલાં લેવાં જોઈએ એવો મત પણ બંધારણીય નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. આ અરજીઓમાં પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ પત્રકારો, કાર્યકરો, વિપક્ષી નેતાઓ અને અન્ય વ્યક્તિઓ પર જાસૂસી કરવા માટે કરવામાં આવ્યો હતો તેની સ્વતંત્ર તપાસ કરવાનો આદેશ આપવા વિનંતી કરાઈ છે. માર્ક ઝુકરબર્ગના મેટાની માલિકીના વોટ્સએપે ૨૦૧૯માં એનએસઓ ગ્રુપ સામે અમેરિકાની કોર્ટમાં કેસ કર્યો હતો. ૨૦૨૪ના અંતમાં યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટે એનએસઓ ગ્રુપને આ કેસમાં દોષિત ઠેરવ્યું તેના પગલે કેટલાં લોકોની જાસૂસી થઈ તેના દસ્તાવેજો બહાર પડાયા છે.

# સમંથા પ્રભુએ ૧૫ બ્રાન્ડ્સને કર્યો ઇનકાર, થશે કરોડોનું નુકસાન

## સમંથા રૂથ પ્રભુ ઇચ્છે છે કે તે જેને પણ સમર્થન આપે તેની સમજ પર સકારાત્મક અસર પડે

મુંબઈ, તા.૧૪

અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ સાઉથથી લઈને બોલિવૂડ સુધી ચર્ચામાં રહે છે. તાજેતરમાં તેણીએ જણાવ્યું હતું કે હવે તે બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ કરતા પહેલા ઘણી વાર વિચારે છે. તે પોતાની ચોઈસ પ્રત્યે ખૂબ કાળજી રાખે છે.તેમણે કહ્યું કે ગયા વર્ષે તેમણે ૧૫ બ્રાન્ડ સ્વીકારી હતી. સમંથા રૂથ પ્રભુ ઈચ્છે છે કે તે જેને પણ સમર્થન આપે તેની સમજ પર સકારાત્મક અસર પડે.સમંથાએ કહ્યું કે જ્યારે હું ઈન્ડસ્ટ્રીમાં આવી ત્યારે મારી ઉંમર ૨૦ વર્ષની હતી. તે સમયે, સફળતા તમે કેટલું કામ કરી રહ્યા છો તેના પરથી માપવામાં આવતી હતી. તમારી પાસે કેટલા પ્રોજેક્ટ છે? તમે કેટલી બ્રાન્ડ્સને સમર્થન આપો છો? કેટલી બ્રાન્ડ્સ ઈચ્છે છે કે તમે તેમનો ચહેરો બનો. મને ખૂબ આનંદ થયો કે બધી બહુરાષ્ટ્રીય બ્રાન્ડ્સ મને પોતાનો ચહેરો બનાવવા માંગતી હતી.સમન્થાએ આગળ કહ્યું કે પણ આજે મને ખ્યાલ આવી ગયો છે કે હું ખોટી ન હોય શકું. મેં વિચાર્યા વગર પ્રોજેક્ટ્સ હાથ ધરવાથી મારી જાતને રોકી. મને ખબર હતી કે મારે એવું કરવું પડશે જેનાથી મને સારું લાગે. આજે, મને લાગે છે કે મારે મેં પહેલા કરેલી બધી બકવાસ માટે માફી માંગવી જોઈએ. તે જાહેરાતો ઘણા સમય પહેલા બનાવવામાં આવી હતી. મેં ગયા વર્ષે જ લગભગ ૧૫ બ્રાન્ડ્સને ઈનકાર કર્યો છે અને છોડી દીધી છે. ચોક્કસ, કરોડો રૂપિયાનું નુકસાન થયું. હવે જ્યારે પણ કોઈ જાહેરાત આવે છે, ત્યારે હું મારા બ્રાન્ડની તપાસ ૩ ડૉક્ટરો દ્વારા કરાવ્યા પછી જ કરું છું.

### વક્ફ બિલના બહાને પીએમ મોદીએ કોંગ્રેસને આડેહાથ લીધી


# સહાનુભૂતિ હોય તો કોંગ્રેસ કોઈ મુસ્લિમને અધ્યક્ષ બનાવે : મોદી

## વકફના નામે લાખો હેક્ટર જમીન છે, જો વકફ મિલકતોનો લાભ જરૂરિયાતમંદોને આપવામાં આવ્યો હોત તો તેમને ફાયદો થયો હોત : મોદી

ચંદીગઢ, તા. ૧૪

ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ પર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હરિયાણાના હિસાર સ્થિત પ્રથમ એરપોર્ટથી હિસાર-અયોધ્યા ફ્લાઈટને લીલી ઝંડી બતાવી અને ટર્મિનલનો શિલાન્યાસ પણ કર્યો. આ દરમિયાન, એક જાહેર સભાને સંબોધિત કરતી વખતે, પીએમ મોદીએ કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે કોંગ્રેસે સત્તા મેળવવા માટે બંધારણને હથિયાર બનાવ્યું. જ્યારે પણ તેમને લાગ્યું કે સત્તા તેમના હાથમાંથી સરકી રહી છે, ત્યારે તેમણે બંધારણને કચડી નાખ્યું, જેમ તેમણે કટોકટી દરમિયાન કર્યું હતું. બંધારણની ભાવના સ્પષ્ટપણે જણાવે છે કે બધા નાગરિકો માટે એક સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ, જેને હું ધર્મનિરપેક્ષ નાગરિક સંહિતા કહું છું. પરંતુ કોંગ્રેસે ક્યારેય તેનો અમલ કર્યો નહીં.

પ્રધાનમંત્રીએ કહ્યું કે કોંગ્રેસે બાબા સાહેબ આંબેડકર સાથે જે કર્યું તે આપણે ક્યારેય ન ભૂલવું જોઈએ. જ્યારે તેઓ જીવતા હતા, ત્યારે કોંગ્રેસ દ્વારા તેમનું વારંવાર અપમાન કરવામાં આવ્યું હતું. તેમણે તેમને બે વાર ચૂંટણીમાં હરાવ્યા. કોંગ્રેસ તેમને હાંકી કાઢવા માંગતી હતી, તેમણે તેમને સિસ્ટમથી દૂર રાખવાનું કાવતરું ઘડ્યું. તેમના મૃત્યુ પછી, તેઓએ તેમની યાદોને પણ ભૂંસી નાખવાનો પ્રયાસ કર્યો. બાબા સાહેબ સમાનતાના પક્ષમાં હતા, પરંતુ કોંગ્રેસે દેશભરમાં વોટ બેંકની રાજનીતિનો વાયરસ ફેલાવ્યો. પીએમ મોદીએ એવો પણ પ્રશ્ન કર્યો કે



કોંગ્રેસ શા માટે મુસ્લિમને પોતાના પ્રમુખ તરીકે નિયુક્ત કરતી નથી અને શા માટે તે મુસ્લિમ ઉમેદવારો માટે ૫૦ ટકા ચૂંટણી ટિકિટ અનામત રાખતી નથી.પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસે ફક્ત કેટલાક કટ્ટરપંથીઓને ખુશ કર્યા છે. સમાજનો બાકીનો ભાગ દુઃખી, અશિક્ષિત અને ગરીબ રહ્યો. કોંગ્રેસની આ દુષ્ટ નીતિનો સૌથી મોટો પુરાવો વકફ એક્ટ છે. પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે હવે નવા વકફ કાયદા હેઠળ, આ વકફ બોર્ડ ભારતના કોઈપણ ખૂણામાં કોઈપણ આદિવાસીની જમીન કે મિલકતને સ્પર્શ કરી શકશે નહીં. નવી જોગવાઈઓ વકફની પવિત્ર ભાવનાનું સન્માન કરશે.

મોદીએ કહ્યું કે દેશભરમાં વકફના નામે લાખો હેક્ટર જમીન છે. આ ભૂમિ ગરીબ, લાચાર મહિલાઓ અને બાળકોને લાભ આપતી હોવી જોઈતી હતી. જો આજે તેનો પ્રામાણિકપણે ઉપયોગ થયો હોત, તો મુસ્લિમોને પંચર થયેલી સાયકલ રિપેર કરવાની જરૂર ન પડી હોત. આનો ફાયદો ફક્ત જમીન માફિયાઓને જ થયો. આ માફિયાઓ આ કાયદા દ્વારા ગરીબોની જમીન લૂંટી રહ્યા હતા. સેંકડો વિધવા મુસ્લિમ મહિલાઓએ ભારત સરકારને પત્રો લખ્યા, ત્યારે જ સરકારે આ ફેરફાર કર્યો. અમે ખૂબ સારું કામ કર્યું છે, અમે આ વકફ કાયદામાં બીજી જોગવાઈ કરી છે.

પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસે આ દેશમાં SC, ST અને પછાત જાતિઓને બીજા વર્ગના નાગરિક ગણાવ્યા છે. કોંગ્રેસના નેતાઓ સ્વિમિંગ પુલ જેવી સુવિધાઓનો આનંદ માણતા હતા, પરંતુ ગામડાઓમાં દર ૧૦૦ ઘરોમાંથી ફક્ત ૧૬ ઘરોમાં જ પાઈપલાઈન દ્વારા પાણીની સુવિધા હતી અને સૌથી વધુ અસરગ્રસ્ત લોકો SC, ST અને પછાત જાતિના લોકો હતા. ફક્ત ૬-૭ વર્ષમાં, અમારી સરકારે ૧૨ કરોડથી વધુ ગ્રામીણ પરિવારોને પાણીના કનેક્શન પૂરા પાડ્યા છે. હવે, દર ૧૦૦ ગ્રામીણ ઘરોમાંથી ૮૦ ઘરોને સ્વચ્છ પાણીની સુવિધા મળે છે, અને અમે આ સંખ્યા ૧૦૦ ટકા સુધી લઈ જવા માટે પ્રતિબદ્ધ છીએ.

પ્રધાનમંત્રી મોદીએ જાહેર સભામાં કહ્યું કે કર્ણાટક સરકારે SC, ST અને પછાત વર્ગોના અધિકારો છીનવી લીધા અને ધર્મના આધારે અનામત આપી. પરંતુ બાબા સાહેબ આંબેડકરે સ્પષ્ટ કહ્યું હતું કે ધર્મના આધારે અનામત આપવામાં આવશે નહીં. કોંગ્રેસની તુષ્ટિકરણની રાજનીતિએ મુસ્લિમ સમુદાયનું કોઈ ભલું કર્યું નથી, પરંતુ તેમને ફકત નુકસાન જ પહોંચાડ્યું છે. કોંગ્રેસ ફક્ત કેટલાક કટ્ટરપંથીઓને ખુશ કરવા માટે કામ કરતી હતી.

### રાહુલ ગાંધીએ બાબા સાહેબને અર્પિત કરી શ્રદ્ધાંજલિ

# રાષ્ટ્રપતિ, પીએમ મોદીએ બાબા સાહેબને અર્પિત કરી શ્રદ્ધાંજલિ

## બાબા સાહેબ આંબેડકર જીવનભરના સંઘર્ષ અને બંધારણના મુસદ્દામાં મહત્વપૂર્ણ ભૂમિકા માટે જાણીતા છે

નવી દિલ્હી, તા.૧૪

બાબા સાહેબ આંબેડકરને તેમની જન્મજયંતિ પર દરેક વ્યક્તિ યાદ કરી રહ્યા છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ મુર્મુ, પીએમ મોદીથી લઈને રાહુલ ગાંધી સુધીના તમામ નેતાઓએ બાબા સાહેબને શ્રદ્ધાંજલિ આપી હતી. આંબેડકર જયંતિ નિમિત્તે, દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સંસદ સંકુલમાં પ્રેરણા સ્થળ ખાતે ડૉ. બીઆર આંબેડકરને શ્રદ્ધાંજલિ આપી. ભીમ રાવ આંબેડકરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું કે બાબા સાહેબની પ્રેરણાને કારણે જ દેશ આજે સામાજિક ન્યાયના સ્વપ્નને સાકાર કરવા માટે સમર્પિત છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર કહ્યું કે આંબેડકરના સિદ્ધાંતો અને વિચારો 'આત્મનિર્ભર' અને વિકસિત ભારતના નિર્માણને મજબૂત અને વેગ આપશે. પીએમ મોદીએ કહ્યું, "તમામ દેશવાસીઓ વતી, ભારત રત્ન પૂજ્ય બાબાસાહેબને તેમની જન્મજયંતિ પર કરોડો વંદન. તેમની પ્રેરણાને કારણે જ આજે દેશ સામાજિક ન્યાયના સ્વપ્નને સાકાર કરવામાં સમર્પિત છે. તેમના સિદ્ધાંતો અને આદર્શો આત્મનિર્ભર અને વિકસિત ભારતના નિર્માણને શક્તિ અને ગતિ આપશે."

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ જણાવ્યું હતું કે બાબા સાહેબ ડૉ. આંબેડકરે આપણને ભારતનું બંધારણ આપ્યું - જે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના લોકશાહી મૂલ્યો પર આધારિત છે - જે સામાજિક ન્યાય અને સમાવેશી વિકાસ માટે સૌથી શક્તિશાળી સાધન છે. તેમણે દેશની પ્રગતિ અને એકતા માટે સમાવેશકતાને પોતાનું અંતિમ કર્તવ્ય ગણાવ્યું અને બધાના અધિકારોનું રક્ષણ કરવા પર ભાર મૂક્યો. તેમની ૧૩૫ મી જન્મજયંતિ પર, અમે સામાજિક પરિવર્તન અને સામાજિક ન્યાયના તેમના વિચારો પ્રત્યેની અમારી અતૂટ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીએ છીએ. કોંગ્રેસ પાર્ટી આ શપથ લે છે કે અમે હંમેશા બંધારણીય મૂલ્યોનું રક્ષણ અને લોકશાહીનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ રહીશું. બાબા સાહેબ આંબેડકર અનુસૂચિત જાતિના સશક્તિકરણ માટેના તેમના જીવનભરના સંઘર્ષ અને બંધારણના મુસદ્દામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા માટે જાણીતા છે. ૧૮૯૧ માં દલિત પરિવારમાં જન્મેલા આંબેડકર એક તેજસ્વી વિદ્યાર્થી હતા જે વિદેશમાં અભ્યાસ કરવા ગયા હતા. ભારતીય સમાજમાં તેમને જે ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો, તેણે તેમને એક પ્રતિબદ્ધ સમાજ સુધારક બનાવ્યા. તેઓ ભારતના પ્રથમ કાયદા પ્રધાન હતા અને ૧૯૫૬ માં તેમનું અવસાન થયું.

### બે કલાક ચાલ્યો હંગામો, અધિકારીઓ વચ્ચે પડ્યા

# કોંગ્રેસના મહિલા ધારાસભ્યએ ભાજપ નેતાને ફટકાર્યા, શર્ટ ફાડ્યો

ચંદીગઢ, તા.૧૪

રાજસ્થાનના સવાઈ માધોપુર જિલ્લામાં ડૉ.બાબાસાહેબ ભીમરામ આંબેડકરની પ્રતિમા પાસે તક્તી લગાવતી વખતે ભાજપ મંડળ અધ્યક્ષ અને કોંગ્રેસના મહિલા ધારાસભ્ય વચ્ચે મારામારી થઈ હોવાની ઘટના બની છે.

કોંગ્રેસ ધારાસભ્યએ ભાજપ નેતા હનુમાન દીક્ષિતનો કૉલર ખેંચી, માર મારી, શર્ટ ફાડી દીધો હોવાનો આક્ષેપ કરાયો છે. મારમારી દરમિયાન કોંગ્રેસ ધારાસભ્ય કહેતા જોવા મળી રહ્યા છે કે, શું તમે ભાજપમાંથી હોવાના કારણે ગુંડાગર્દીનો સહારો લેશો?

આજથી બે વર્ષ પહેલા જિલ્લાના બૌંલીમાં ડૉ.આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. હવે અહીં તંત્ર દ્વારા ટ્રાફિકને ધ્યાને રાખી ચાર રસ્તા બનાવવામાં આવી રહ્યા છે. બામનવાસના કોંગ્રેસના ધારાસભ્ય ઈન્દિરા મીનાએ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.

મળતા અહેવાલો મુજબ રવિવારે રાત્રે પ્રતિમાની નેમ પ્લેટ હટાવવામાં આવી હતી અને તેના સ્થાને ઈન્દિરા મીના અને નગરપાલિકા અધ્યક્ષ કમલેશ દેવી જોશીના નામની તક્તી લગાવાની હતી.
જોકે આ મામલે ભાજપના બૌંલીના મંડળ અધ્યક્ષ હનુમાન દીક્ષિત અને સ્થાનીક પ્રમુખ કૃષ્ણ પોસવાલે વાંધો ઉઠાવ્યો હતો અને મીના-જોષીની તક્તી હટાવી દીધી હતી.

તકતી હટાવવાની વાત મળતા જ ધારાસભ્ય ઈન્દિરા મીના અડધી રાત્રે ત્યાં પહોંચ્યા હતા. નવી તક્તી હટાવતી વખતે મીના અને હનુમાન દીક્ષિત વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યારબાદ દીક્ષિત પોતાની ગાડીમાં બેસતા જતા હતા, ત્યારે મીના તેમની ગાડીના ફુટરેસ્ટ પર ચઢી ગયા અને ફરી ઉગ્ર બોલાચાલી શરૂ કરી દીધી, ત્યારબાદ બંને વચ્ચે મારમારી થઈ.

એવું કહેવાય છે કે, બંને નેતાઓ વચ્ચે લગભગ બે કલાક સુધી ઉગ્ર બોલાચાલી અને હંગામો થયો હતો. ત્યારબાદ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (SDM) ચંદ્ર પ્રકાશ વર્મા, ASP નીલકમલ અને SHO રાધા રમણ ગુપ્તા સહિત વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને વચ્ચે પડી બંને નેતાઓને શાંત પાડ્યા હતા. હાલમાં બંને તકતીઓ સુરક્ષિત રાખવામાં આવી છે.

# બાબરા : થોરખાણથી રાણપર રોડનું રૂા. ૬૦ લાખના ખર્ચે રીસર્ફેસિંગ શરૂ



બાબરા તાલુકાના થોરખાણથી રાણપરને જોડતા મહત્વપૂર્ણ રોડનું રૂ. ૬૦ લાખના ખર્ચે રીસર્ફેસિંગ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ વિકાસ કાર્યનું ખાતમુર્હુત લાઠી–બાબરાના લોકપ્રિય ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ રોડ ઘણા સમયથી જર્જરિત હાલતમાં હતો, જેના કારણે સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ધારાસભ્યએ સ્થાનિક લોકોની આ સમસ્યાને ધ્યાનમાં લઈને સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. તેમની સક્રિયતાના પરિણામે, સરકારે રોડના રીસર્ફેસિંગ માટે રૂ. ૬૦ લાખની મંજૂરી આપી છે. રોડના રીસર્ફેસિંગનું કાર્ય શરૂ થતાં જ વિસ્તારના લોકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. સ્થાનિક લોકોએ ધારાસભ્યનો આભાર માન્યો હતો અને તેમના કાર્યની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ''લોકોની સુવિધા અને વિકાસ એ જ અમારો મુખ્ય ધ્યેય છે. આ રોડનું રીસર્ફેસિંગ કાર્ય પૂર્ણ થવાથી સ્થાનિક લોકોની મુસાફરી સરળ બનશે અને વિસ્તારના વિકાસને પણ વેગ મળશે. અમે ભવિષ્યમાં પણ આ વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીશું.''

### ૧૦૫ દિવસના વિરામ બાદ આકાશમાં ઉલ્કાવર્ષાનો પ્રારંભ

## દુનિયાભરમાં આજ મદયરાત્રિથી લાયરીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો

### કલાકની ૧૫ થી ૧૦૦ ઉલ્કાઓ સ્પષ્ટ પડતી જોવા મળશે

અમરેલી, તા. ૧૪

અમદાવાદ : દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૧૦૫ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કાવર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં તા. ૧૫ મી એપ્રિલ મધ્યરાત્રિથી તા. ૨૯ મી એપ્રિલ સોમવાર પરોઢ સુધી લાયરીડસ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષનો અદ્દભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે જાથાએ ખાસ આયોજન આદર્યા છે.

જાથાના રાજય ચેરમેન–એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે તા. ૧૫મી મંગળવાર મધ્યરાત્રિથી તા. ૨૯મી સુધી આકાશમાં લાયરીડસ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા. ૨૧ તથા ૨૨મી રાત્રીએ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫થી ૧૦૦ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે. મધ્યરાત્રિએ જોવા મળશે.

વધુમાં પંડયા જણાવે છે કે લાયરીડસ ઉલ્કાવર્ષા મહત્તમ બે દિવસ તા. ૨૧ તથા ૨૨ પરોઢ સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ



રાખે છે.

એડવોકેટ પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય–ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી ચાર–પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડીઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. પોતાના ગામમાં ઉલ્કાવર્ષા જોઈ શકાશે.

જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ–સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. લાયરીડસ ઉલ્કાવર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે.

જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, બોટાદ, દેવભૂમિ દ્વારકા, અરવલ્લી, રાજપીપળા, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, ગાંધીધામ, માંડવી, અંજાર, મોરબી, પાવગઢ, ગોધરા વિગેરે નાના–મોટા નગરોમાં બે દિવસીય તા. ૨૨–૨૩ એપ્રિલ મધ્યરાત્રિ – પરોઢે વ્યવસ્થાની આખરી ઓપની તૈયારી આરંભી છે.

લાયરીડસ ઉલ્કાવર્ષાનો નજારો તા. ૨૧ તથા ૨૨ રાત્રીના નિહાળવાની તૈયારીમાં જાથાના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, રોમિત રાજદેવ, દિનેશ હુંબલ, નિર્ભય જોશી, રાજુ યાદવ, નિર્મળ મેત્રા, ભોજાભાઈ ટોયટા, હર્ષાબેન પંડયા, ભાવનાબેન વાઘેલા, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહિલ વિગેરે અનેક સદસ્યો જોડાયા છે.

રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઈલ : ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

### પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલા ખાતે રેસ્ટ હાઉસ અને

ખાતે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં નગરજનો અને પદાધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ''સાવરકુંડલાનો વિકાસ એ અમારી પ્રાથમિકતા છે અને આ રેસ્ટ હાઉસ તેમજ આઈકોનિક રોડના નિર્માણથી પ્રદેશના નાગરિકો અને મુલાકાતીઓને અત્યંત સુવિધા મળશે. આ પ્રોજેકટ સાવરકુંડલાને સુવર્ણ કુંડલા બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ સાબિત થશે. સાંસદ ભરતભાઈ સુતરીયાએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ''કેન્દ્ર અને રાજય સરકાર સાવરકુંડલાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે અને આ પ્રોજેકટ તે દિશામાં એક નકકર ઉદાહરણ છે. આ વિકાસ કાર્યોથી પ્રદેશમાં રોજગારીની નવી તકો પણ ઉભી થશે''. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સાવરકુંડલાને સુવર્ણ કુંડલા બનાવવાના પોતાના સંકલ્પને દોહરાવતા જણાવ્યું હતું કે, અમે વિકાસની નવી કેડીઓ કંડારવા માટે કટિબધ્ધ છીએ અને આ નવા રેસ્ટ હાઉસને કારણે રાજય અને જિલ્લા કક્ષાના અધિકારીઓ–પદાધિકારીઓને સવારકુંડલામાં સુવિધા મળવાને લીધે વહીવટી પ્રક્રિયામાં પણ ઘણો ફાયદો થશે તેમજ આઈકોનિક રોડનું નિર્માણ એ દિશામાં એક મહત્વનું યોગદાન આપશે. અમે સાવરકુંડલાના નાગરિકોની સુખાકારી અને સુવિધા માટે સતત કાર્યરત રહીશું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ આ વિકાસ કાર્યોને આવકાર્યા હતા અને નેતાઓના પ્રયાસોને બિરદાવ્યા હતા. આ પ્રોજેકટ પૂર્ણ થવાથી સાવરકુંડલાની ઓળખ અને સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે તે નિશ્ચિત છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ નાયબ દંડક કૌશિક વેકરિયા ગુજરાત વિધાનસભા, પ્રેરક ઉપસ્થિતિ સાંસદ ભરતભાઈ સુતરીયા અમરેલી લોકસભા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, એપીએમસી ચેરમેન દિપકભાઈ માલાણી, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોકરીયા, જિલ્લા પંચાયત સદસ્ય પુનાભાઈ ગજેરા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શરદભાઈ પંડયા, જિલ્લા અ.જા. મોરચા પ્રમુખ કેશુભાઈ વાઘેલા, માલધારી સેલના કન્વીનર મયુરભાઈ રબારી, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ મનુભાઈ ડાવરા, સામાજિક અગ્રણી ડો. દિપકભાઈ શેઠ, ડો. વડેરા, મુકુંદભાઈ નાગ્રેચા, વિનુભાઈ રાવળ, ઘનશ્યામભાઈ જયાણી, ઘનશ્યામબાુ, રામાનુજ, કનુબાપુ ખુમાણ, ઉદ્યોગપતિ દેવચંદભાઈ કપોપરા, કરશનભાઈ ડોબરીયા, રસિકભાઈ વેકરિયા, નગરપાલિકા તેમજ તાલુકા પંચાયત હોદેદારો, સદસ્યો, શહેર તેમજ તાલુકા સંગઠન હોદેદારો, મહિલા આગેવાનો સહિત શહેરીજનો આ રિસર્ફેસિંગ, સીસી રોડ, ડામર રોડ, રોડ ફર્નિશીંગ, આઈકોનિક રોડ તેમજ નવા રેસ્ટ હાઉસનું ખાતમુર્હુત કરવામાં આવ્યું. તેવું સત્વ અટલધારા કાર્યાલયનાં ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### પાના ૧ ઉપરનું ચાલું ગૌતમભાઈ રાઠોડનું માર્ગ અકસ્માતમાં મોત

રાઠોડ આજે સવારે ૧૦.૩૦ના સમયગાળા દરમિયાન પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જીજેબીસી ૧૮૫૪ લઈને અમરેલી ખાતે ડો. બાબાસાહેબની રેલીમા જતા હચતા. ત્યારે તે અમરેલી તાલુકાના ગાવડકા ગામ નજીક આવેલ અમર ડેરી પાસે પહોંચતા કોઈ અજાણ્યા બોલેરો જેવા વાહનચાલકે પાછળથી મોટર સાયકલને ટકકર મારતા તે રોડ ની સાઈડમાં ખાળીયામાંથઈને ખેતરમાં જતુ રહેલ જેમા ગૌતમભાઈ ને ડાબી સાઈડના સાથળમાં તથા મોઢામાંથી લોહી નીકળેલ તથા શરીરે છોલાણા સહિતની ગંભીર ઈજા થયેલ હતી તેમજ મોટર સાઈકલને પણ નુકસાન થયેલ છે આ બનાવમાં કોઈ અજાણ્યા બોલેરોના ચાલકે પોતાના હવાલાવાળા વાહનને પુર ઝડપે ચલાવી ગૌતમભાઈની ગાડીને પાછળથી ઠોકર મારી મોત નિપજાવ્યાની પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે.

### પાના ૧ ઉપરનું ચાલું રાજુલામાં ટાવર નજીક આગ લાગતાં

મચી. બંને સાઈડ માર્ગો શરૂ મુખ્ય બજાર હોવાથી મોટી સંખ્યામાં લોકોની અવર જવર હતી. નગરપાલિકામાં ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડ બંધ હોવાથી કારમાં ભીષણ આગ લાગી ગઈ હતી. ૧ કલાક સુધી ફાયર સુવિધા કામ ન લાગી જેના કારણે શહેરીજનોમાં પણ નારાજગી સાથે રોષ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં રાજુલા પોલીસ દોડી સીએનજી કાર હોવાને કારણે પોલીસ દ્વારા ચુસ્તબંદોબસ્ત ગોઠવી લોકોના ટોળાને દૂર ખસેડવામાં આવ્યા હતા.

આગ બુઝાવવા માટે ભારે ભાગદોડ વચ્ચે અંતે કારની બાજુમાં શાળામાંથી પાઈપ લાઈન મારફતે સ્થાનિક લોકોએ પાણી વડે કાર ઉપર મારો લગાવ્યો હતો જેના કારણે થોડા અંશે રાહત થઈ હતી. જોકે કારમાં આગના કારણે આખી સ્વીફટ કાર ભડથું થઈ હોવાથી આગ કેવી રીતે લાગી તે દિશામાં તપાસ શરૂ કરાય છે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ડો. બાબાસાહેબની જન્મ જયંતી ઉજવાઈ

અમરેલી, તા. ૧૪

શિક્ષણ સંસ્કાર અને રાષ્ટ્રિયતા માટે સુપ્રસિધ્ધ એવા શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે ૧૪ એપ્રિલના રોજ ડો. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિ પ્રસંગે શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા બાબા સાહેબના જીવન અને કાર્યો વિષે પ્રસંગોચિત વ્યકતવ્યો આપવામાં આવેલ.

સાંપ્રત સમયમાં સામાજિક સમરસતાની ખૂબ જ જરૂર હોય – સમાજનાં ઉપેક્ષિત વર્ગ માટે કરેલું કામ છેવટે તો સમગ્ર સમાજને તંદુરસ્ત બનાવે છે. આ અંગેના જુદા જુદા પ્રસંગો અને બાબા સાહેબ આંબેડકરનું બંધારણ ઘડતરમાં પ્રદાન વગેરે વિષયો અંકો પ્રાર્થના સભામાં પ્રવચનો થયા આ પ્રસંગે સંસ્થાના સંચાલક દિપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસીયાએ પ્રેરક હાજરી આપેલ હતી અને પ્રાસંગિક પ્રવચનો દ્વારા બાબા સાહેબના જીવનપ્રસંગો રજૂ કર્યો હતા.




સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

### પાના ૮ ઉપરનું ચાલું રાજુલા વિસ્તાર આઝાદીનાં

દેખાતું નથી તેવી લોક ચર્ચા થાય છે. ટી.ડી.ઓ.નો ચાર્જ તલાટી મંત્રી પાસે છે અહીં કડક ડીવીઝન પોલીસ અધિકારીની જરૂર છે.

પીપાવાવ પોર્ટથી મુંબઈ અને સુરત સાથેની દરિયાઈ માર્ગ અને એરકેનેકટીવીટીની જરૂર છે ભટ્ટવદર ગામ એર સ્ટ્રીપની ચર્ચા પછી કઈ આગળ વધ્યું નથી.

વર્ગ ૧નાં એક્સ્પર્ટ ડોકટની પોસ્ટીંગ કોઈ નથી પોલીસ અધિકારીની સંખ્યા વધારવાની જરૂર છે મરીન કમાન્ડો સેન્ટર, બાલાની વાવ એસ.આર.પી. ગ્રુપ વહેલી તકે કાર્યરત થાય એ જરૂરી છે પૂરતા પોલીસનાં મકાનો પણ નથી. ટ્રાફિકનું અલગ પોલીસ સ્ટેશન આ ઔદ્યોગિક વિસ્તાર માટે જરૂરી છે સિન્ટેકસ કંપનીમાં મહિલા કર્મચારીઓની વધુ સંખ્યા અને દેવકા વિદ્યાપીઠમાં બનાવો અને અભ્યાસમાં વધુ હોય મહિલા સ્ટેશનની જરૂર છે. રેલ્વેનું અલગ પોલીસ સ્ટેશન બનાવવાની જરૂર છે કેમ કે અહીંનું રેલ્વે પોલીસ સ્ટેશન ભાવનગર ખાતે ૧૩૫ કિલોમીટર દૂર છે ઔદ્યોગિક અને દરિયાઈ વિસ્તારની સુરક્ષા માટે ગૃહ ખાતાએ ગંભીર રીતે પ્રભાવિત કામગીરી જરૂર છે. અસામાજિક તત્વ સામે લોકો કડક પગલાં માંગી રહ્યા છે. ભેસલા ટાપુ ઉપર નેવી કે મરીન કમાન્ડોની વ્યવસ્થા કરવાની જરૂર છે.

### પાના ૮ ઉપરનું ચાલું ભાજપનાં કાર્યકર ઉપર

ધમકી આપી હતી તેમજ દુકાનમાં રહેલ નાસ્તા માટે વપરાતી થાળી વડે જેન્તીભાઈને માથાના ભાગે મારતા તેમને ગંભીર હાલતમાં બગસરા અને ત્યારબાદ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા.

આ બાબતે પોલીસ ધ્વારા બીજા દિવસે ફરિયાદ નોંધવામાં આવી હતી. આ બાબતે તપાસ કરનાર બગસરા પી.આઈ. સાલુકેના જણાવ્યા મુજબ હાલ બધા આરોપી ફરાર થઈ ગયેલ હોય ધરપકડ થઈ શકી નથી તેમજ પોલીસ નજીકના સમયમાં આરોપીઓને ઝડપી લેશેનું જણાવ્યું હતું. ભાજપના કાર્યકર પર ભાજપ કાર્યાલય નીચે જ આવો હુમલો કરવામાં આવ્યો હોય તેમ છતાં પોલીસ ધ્વારા કાર્યવાહી કરવામાં ન આવતા પોલીસે ગુનો કરેલ લોકોની ઝડપથી ધરપકડ કરવાની માંગ સાથે ઘણા લોકો પોલીસ સ્ટેશને પણ દોડી ગયા હતા. ભાજપના કાર્યકર પર થયેલ હુમલા બાબતે પોલીસ કેટલી કાર્યવાહી કરે છે તે જોવાનું રહેશે.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં પાલિકા દ્વારા

ઉપયોગ કરવા મજબુર બન્યા છે.

હાલમાં અમરેલી શહેરની અંદાજે દોઢ લાખ જેવી વસ્તી છે જેને પાણી પુરવઠા પૂરા પાડવા માટે અમરેલી નગરપાલિકા તરફથી દૈનિક ૨૨ એમ.એલ.ડી. જેટલાં પાણી પુરવઠા વિતરણ કરવામાં આવે છે. અમરેલી શહેર માટે હાલના મહી પરીએજ, ઠેબી ડેમ, તારવાડી કુવો, પોમલીપાટ કુવો, સીપેજ વોટર, વરૂડી સીપેજ વોટર સહિતના તમામ સ્ત્રોતોમાંથી ઉપલબ્ધ થઈ શકે છે. જે જુદાં–જુદાં પાંચ વોટરવર્કસ સ્ટેશન પૈકીના તારવાડી હેડ વોટરવર્કસ, બ્રાહ્મણ સોસાયટી– અંબીકાનગર વોટરવર્કસ, જેશીંગપરા વોટરવર્કસ, ભકિતનગર વોટર વર્કસ અને સાવરકુંડલા રોડ વોટરવર્કસ ખાતેથી શહેરમાં ઝોનવાઈઝ પાણી વિતરણ કરવામાં આવે છે અને દરેક ઝોનમાં ચાર દિવસે પાણી પુરવઠા વિતરણ કરવામાં આવે છે. અમરેલી શહેરમાં હાલમાં ૪૨થી ૪૪ ડીગ્રી તાપમાન જોવા મળે છે. ત્યારે અમરેલી પાલિકા દ્વારા વિતરણ થતું પીવાનું પાણી ખરેખર વાપરવા યોગ્ય નથી. ત્યારે અમરેલી શહેરમાં આવા વિતરણ થતાં પાણીથી કોઈ રોગચાળા ફેલાશે તો જવાબદાર કોણ ? તે પણ એક સવાલ છે.

# ખાંભા નજીક આવેલ પૌરાણિક મંદિર હનુમાન ગાળા ખાતે હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવી

તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા



ખાંભા નજીક ગાઢ જંગલની વચ્ચે અને પ્રકૃતિના ખોળે આવેલું હજારો લોકોનું આસ્થાનું કેન્દ્ર એટલે કે હનુમાન ગાળા મંદિર ખાતે ભેખવાળા દાદાના ખોળે હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને હજારો ભાવિ ભકતો દર્શન માટે ઉમટી પડયા હતા. અને પદ યાત્રિકો માટે રસ્તામાં દાતાઓ ધ્વારા ઠંડા પાણી શરબત વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ હનુમાન જયંતિ નિમિતે ચાલીને જતા પદયાત્રીઓ માટે ખાંભા પોલીસ પરિવાર ધ્વારા ઠંડી છાંશ વિતરણ કરવામાં આવ્યું હતું. અને હનુમાન ગાળા મંદિર ખાતે ૧૦,૦૦૦થી ૨૦,૦૦૦ ભાવિ ભકતોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

# સુપ્રસિધ્ધ ભુરખિયા મંદિર ખાતે ''જાનકી'' ગાર્ડનનું થયુ લોકાર્પણ






લાઠીતાલુકાનાભુરખીયા ગામે, જયાં સુપ્રસિદ્ધ ભુરખીયા હનુમાનજી મંદિર આવેલું છે, ત્યાં જાનકી ગાર્ડનનું લોકાર્પણ કરવામાં આવ્યુંહતું. આપ્રસંગેનાયબદંડકકૈશિક વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા અનેધારાસભ્યજનકતળાવીયાસહિત અનેકમહાનુભાવોઉપસ્થિતરહ્યાહતા. ભુરખીયાગામનાલોકોમાટેઆગાર્ડન એકમહત્વપૂર્ણસુવિધાબનીરહેશે. આ ગાર્ડનમાંબાળકોમાટેરમવાનાસાધનો, વડીલો માટે બેસવાની વ્યવસ્થા અને સુંદર ફૂલછોડ પણ છે. આ ગાર્ડન ગામનાલોકોમાટેએકશાંતઅનેરમણીય સ્થળ બની રહેશે, જયાં તેઓ પરિવાર સાથે આનંદ માણી શકશે. લોકાર્પણ સમારોહમાં બોલતા, નાયબ દંડક કૈશિકવેકરીયાએજણાવ્યુંહતુંકે, ''આ ગાર્ડન ગામના લોકો માટે એક અમૂલ્ય ભેટ છે. તે માત્ર એક ગાર્ડન નથી, પરંતુ તે ગામના લોકો માટે એક મિલન સ્થળ પણ છે.'' સાંસદ ભરતભાઈ સુતરીયાએ પણ આ ગાર્ડનના નિર્માણ માટે ગામના લોકો અને સરકારના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, '' આ ગાર્ડન ગામના વિકાસમાં એક મહત્વપૂર્ણ યોગદાન આપશે.'' જાનકી ગાર્ડનના લોકાર્પણથી ગામના લોકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. ગામના લોકોએ આ ગાર્ડનના નિર્માણ માટે સરકારનો આભાર માન્યો હતો.


### શ્રી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર દ્વારા

## રઘુવંશી ડોકટર્સ યુવક-યુવતીઓ માટે નિ:શુલ્ક પરિચય મેળો યોજાયો

### સમગ્ર વિશ્વમાંથી ૧૦૫ વ્યકિતઓ ઓનલાઈન જોડાયા

અમરેલી, તા.૧૪

રઘુવંશી સમાજનાં વરિષ્ઠ સમાજ સેવક મનુભાઈ મીરાણી (મો.૯૪૨૮૪ ૬૬૬૬૩) ધ્વારા ૨૪ વર્ષથી લોહાણા સમાજનાં લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર (નિ:શુલ્ક) ચલાવવામાં આવે છે. આ ઉપરાંત દર રવીવારે સવારે ૧૦:૩૦ થી બપોરે ૧:૩૦ સુધી લોહાણા મહાજનવાડી, આદર્શ હોલ, સાંગણવા ચોક, રાજકોટ ખાતે નિ:શુલ્ક રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર રાજકોટ લોહાણા મહાજનનાં સહકારથી ચલાવવામાં આવે છે.



મનુભાઈ મીરાણી સંચાલિત રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર (નિ:શુલ્ક) ધ્વારા યુવક-યુવતીઓ માટે ઓનલાઈન, નિ:શુલ્ક, રઘુવંશી ડોકટર્સ પરીચય મેળાનું અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવંશી સેના-રોજકોટનાં સહયોગથી આયોજન કરાયું હતું.

સમગ્ર વિશ્વમાં વસતા લોહાણા સમાજનાં લગ્નોત્સુક યુવક-યુવતીઓને અનુકૂળ પાત્ર મળી રહે તેવા શુભ હેતુથી ઓનલાઈન, નિ:શુલ્ક, રઘુવંશી ડોકટર્સ પરીચય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓનલાઈન પરીચય મેળામાં સમગ્ર વિશ્વભરમાંથી ૧૦૫ લગ્નોત્સુક રઘુવંશી ડોકટર્સ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો.

સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં લાખો રઘુવંશીઓનાં શૈક્ષણીક, મેડીકલ, સુરક્ષા, સેવાકીય સહીતનાં ક્ષેત્રોમાં પ્રગતી માટે એક દશકાથી વધારે સમયથી જુનાગઢના ડેપ્યુટી મેયર અને અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવંશી સેનાનાં અદયક્ષ ગિરીશભાઈ કોટેચાનાં માર્ગદર્શનમાં અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના સેવારત છે. યુવક-યુવતીઓ લગ્ન પહેલા થેલેસેમીયા ટેસ્ટ અચુક કરાવે અને તેના થકી આગામી વર્ષોમાં થેલેસેમીયા મુકત રઘુવંશી થેલેસેમીયા મુકત સમાજ બને, તથા કુમળા ફુલ જેવા બાળકો મોતના મુખમાં જતા અટકે તેવા ઉમદા, પવિત્ર આશયથી હવેથી થેલેસેમીયા ટેસ્ટ કરાવ્યો હોય તેને જ નિ:શુલ્ક રઘુવંશી વેવિશાળ માહીતી કેન્દ્રમાં પ્રવેશ અપાઈ રહયો છે. વેવિશાળ માહિતી માર્ગદર્શન અપાય છે. આ નિયમનું અત્યંત કડક અમલીકરણ કરાઈ રહયું છે.

અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના-રાજકોટ ધ્વારા આયોજિત ઓનલાઈન, નિ:શુલ્ક રઘુવંશી ડોકટર્સ પરીચય મેળાના માધ્યમથી દરેક ઉમેદવારને પોતાનું મનપસંદ પાત્ર મળી જાય તે માટે મનુભાઈ મીરાણી, મિતલ ખેતાણી, સંજય કકડ, જયેશ ઠકકર, નીતિન રૂપારેલિયા, દિલીપ કુંડલીયા, કિરણ ધામેચા, રાજેશ કારીયા સહિતનાઓની ટીમ જહેમત ઉઠાવી હતી.

વિશેષ માહિતી માટે મનુભાઈ મીરાણી (મો.૯૪૨૮૪ ૬૬૬૬૩) પર બપોરે ૧૨:૦૦થી ૧:૦૦ દરમ્યાન સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### ૧૩૪મી જન્મજયંતી નિમિત્તે

## સાવરકુંડલા: ડો બાબાસાહેબને પુષ્પાજંલી અર્પણ કરતાં કોંગીજનો

### હસુભાઈ સુચક સહિતનાં આગેવાનો જોડાયા




સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલા શહેરમાં કોગ્રેસ અગ્રણીઓ ધ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મજયંતી નિમિતે સાવરકુંડલા ખાતે નાવલી ચોક ખાતે આવેલ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરવામાં આવેલ. ડો. બાબા સાહેબ આંબેડકરના મહાન કાર્યોને લોકતંત્રની જીવાદોરી સમાન ગણાવી યાદ કરીને સમગ્ર દુનિયા માટે પ્રેરણા સમાન છે. એવી અનુભૂતિ મહેસૂસ કરી હતી.

## ૧૫ એપ્રિલ એટલે ''વર્લ્ડ આર્ટ ડે'' (વિશ્વ કલા દિવસ)




અમરેલી, તા.૧૪

કલાને પ્રોત્સાહન આપવા માટે વિશ્વભરમાં દર વર્ષે ૧૫મી એપ્રિલે વિશ્વ કલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વ કલા દિવસના વિશેષ અવસરે કલામાં રસ ધરાવતા લોકો તેમની કલાનું પ્રદર્શન કરે છે. કલાને પ્રોત્સાહન આપવા માટે વિશ્વભરમાં દર વર્ષે ૧૫મી એપ્રિલ વિશ્વ કલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વિશ્વ કલા દિવસના વિશેષ અવસરે કલામાં રસ ધરાવતા લોકો તેમની કલાનું પ્રદર્શન કરે છે. ૧૫ એપ્રિલ ૨૦૧૨ના રોજ પ્રથમ વખત વર્લ્ડ આર્ટ ડે એટલે કે વિશ્વ કલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

લિયોનાર્ડો દ વિન્સી એક મહાન ઈટાલિયન ચિત્રકાર, શિલ્પકાર, સંગીતકાર, કુશળ મિકેનિક એન્જિનિયર અને વૈજ્ઞાનિક હતા. તેમણે કળામાં શ્રેષ્ઠતા હાંસલ કરી હતી. તેમને સમગ્ર વિશ્વમાં સન્માન મળ્યું અને તેમની જન્મજયંતિ પર વિશ્વ કલા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૭માં World art dayને અમેરિકામાં ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ આર્ટ માન્યતા આપવામાં આવી હતી. યુનાઈટેડ નેશન્સ એજયુકેશનલ સાયન્ડિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન (યુનેસ્કો) અનુસાર, વિશ્વ કલા દિવસનો ઉદેશ્ય કલાના ક્ષેત્રમાં લોકોની રૂચિ વધારવાનો છે.

– મિતલ ખેતાણી (મો ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### ગાંધીનાં ગુજરાતમાં દારૂનું દુર્ષણ બંધ થતુ નથી

## ખાંભા : નાની ધારી ગામની સીમમાંથી દેશી દારૂ બનાવવાનો આથો ઝડપી લેવાયો

### વિદેશી દારૂની ૨૫ બોટલ પણ હાથ લાગી

અમરેલી, તા. ૧૪

ખાંભા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. આર.જી. ચૌહાણનાં માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ ગઈકાલે પેટ્રોલીંગમાં હતો, તે દરમ્યાન મળેલ માહિતી આધારે તાલુકાના નાનીધારી ગામની સીમમા વનરાજભાઈ રામભાઈ વાળા (રહે. નાની ધારી)ની વાડી/ ખેતરમાંથી ગેર કાયદેસર દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો ૨૫૦ લીટર કિમત રૂપિયા ૬,૨૫૦ આથો તથા ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ.ની કંપની રીંગ પેક કાચની બોટલ નંગ-૯ કિમત રૂપિયા ૫,૦૫૮ તથા બીજી ૭૫૦ એમ.એલ.ની કંપની રીંગ પેક કાચની બોટલ નંગ-૧૬ કિમત રૂપિયા ૯,૫૬૩નો વિદેશી દારૂમળી કુલ રૂપિયા ૨૦,૮૪૪નો મુદ્દામાલ જથ્થો પકડી પાડી મજકુર ઈસમ વિરૂધ્ધ ખાંભા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં હનુમાન જયંતીની હોંશભેર ઉજવણી કરવામાં આવી

અમરેલી, તા. ૧૪

શ્રીજી વિદ્યાર્થી ભુવન અમરેલી શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકમિત્રો દ્વારા આજ રોજ ચૈત્ર સુદ પૂર્ણિમા હનુમાન જયંતિની ખૂબ ભકિતભાવ અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન રામના પરમ ભકિત જાને બુદ્ધિ જાને શકિતના દાતા હનુમાનજીનું જીવન સમગ્ર ભારતવાસીઓના હૃદયમાં સ્વમાન ધરાવે છે. શ્રી રામના કાર્ય માટે સતત દોડનાર, રામના દાસ હનુમાન કર્મયોગનું પ્રતિક છે. જીવનમાં માનવને નિર્ભયતાનો સંદેશ આપે છે. વાલ્મિકી રામાયણમાં હનુમાનજી ગાથા વર્ણવતા વિભાગને સુંદરકાંડ નામ આપીને હનુમાનજીના ગુણોનું મહિમાગાન કર્યુ છે. ભારતીય સંસ્કૃતિનું ખૂબ જ લોકપ્રિય અને સેના માનસપટમાં સ્થિર ચરિત્ર હનુમાનજી છે. તેમના જન્મોત્સવે



વિદ્યાર્થીઓએ હનુમાન ચાલીસાનું ગાન કરી તેમનું ભાવપૂર્ણ પૂજન કર્યુ હતું. શ્રીજી વિદ્યાર્થી ભુવનના સંચાલક દીપકભાઈ વઘાસીયા તથા વિલાસબેન વઘાસીયાએ ભારતીય સંસ્કૃતિના મહાન પ્રતિક હનુમાન જયંતીના ઉત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓ તથા સ્ટાફગણે હનુમાન જયંતીની ખૂબ જ ઉમંગ અને ઉલ્લાસથી ઉજવણી કરી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

### સ્વયમ સૈનિક દળ દ્વારા

## બાબરા ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૩૪મી જન્મ જયંતીની ઉજવણી કરાઈ

### ડો. ભીમરાવ આંબેડકરે કરેલ સંઘર્ષ અને બલિદાનને યાદ કરાયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા.૧૪

બાબરામાં સ્વંયમ સૈનિક દળ ધ્વારા ડો. બાબાસાહેબની ૧૩૪મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં મોટી સંખ્યામાં સમાજના લોકો અને અગ્રણીઓ વિશાલ રેલીમાં જોડાયા હતા. ત્યારબાદ અહીં કરીયાણા રોડ પર આવેલ સર્કલ પર બાબાસાહેબની પ્રતિમાંને ફુલહાર કરી સલામી આપવામાં આવી હતી. તેમજ મહાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાબાસાહેબ ધ્વારા કરવામાં આવેલ સંઘર્ષ અને બલીદાનને યાદ કરી શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા.

### આકાશવાણી રાજકોટ દ્વારા

## "અમરેલી એક્સપ્રેસ" નાં લેખક ધીરજ વ્યાસની મુલાકાત આજે પ્રસારિત થશે

### રેડિયો સ્ટેશન પરથી સાંભળી શકાશે

અમરેલી, તા. ૧૪

''અમરેલી એકસપ્રેસ '' દૈનિકમાં દર રવિવારે પુર્નિમા '' સુખી અને સાર્થક જીવનનુ રહસ્ય'' શિર્ષક હેડલ પ્રસિદ્ધ થતા આર્ટિકલના લેખક ધીરજ વ્યાસની મુલકાત આવતીકાલ મંગળવારે સાંજે ૫.૩૦ કલાકે આકાશવાણી રાજકોટ પરથી પ્રસારિત થશે.




# છેવાડાનાં વિસ્તારોમાં જળ મળી રહે તે માટે સરકાર પ્રતિબધ્ધ : પા.પુ. મંત્રી બાવળીયા






જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ અમરેલી જિલ્લાના દરિયાઈ કાંઠાના પીપાવાવ, શિયાળબેટ અને ચાંચ બંદર, છતડીયા, કડીયાળી, મિતિયાળા બંધારા સહિતના ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી. શિયાળબેટ સહિતના દરિયાઈ વિસ્તારમાં પણ નાગરિકોને મીઠા જળની વ્યવસ્થાનો સંકલ્પ ગુજરાત રાજય સરકારે સાકાર કર્યો છે. છેવાડાના વિસ્તારોમાં પણ નિર્મળ જળ મળી રહે તે માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે. નાગરિકોની સુખાકારી માટે રાજય સરકાર સતત કાર્યરત છે, તેમ મંત્રીએ જણાવ્યું હતુ. આ ઉપરાંત મંત્રીએ છતડીયા, કડીયાળી, મિતિયાળા બંધારા, પીપાવાવ ખાતેના પાણી પુરવઠા વિભાગના હેડ વર્કસની મુલાકાત લીધી હતી. પાણી પુરવઠાને લગતી કામગીરી સંદર્ભે મંત્રીએ સમીક્ષા કરી હતી. મંત્રીએ આ વિસ્તારના નાગરિકો સાથે સંવાદ કર્યો હતો. આ વિસ્તારમાં જળ વિતરણની કામગીરી અંગે મંત્રીએ વિગતો મેળવી હતી. મંત્રીએ સ્થાનિકોની વિવિધ રજૂઆતો સાંભળી હતી. આ સાથે પ્રાંત અધિકારી ડો. મેહુલ બરાસરા, કાર્યપાલક ઈજનેર વાજા, સિંધવ, અગ્રણી રવુભાઈ ખુમાણ, પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને સ્થાનિક અગ્રણીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ધારાસભ્ય મહેશ કસવાલાએ રૂપિયા ૨૦ કરોડની રકમ મંજૂર કરાવી

# ભૈ વાહ : સાવરકુંડલા ખાતે રેસ્ટ હાઉસ અને આઈકોનિક માર્ગનું થયું ભૂમિપૂજન

**રૂપિયા ૧૬ કરોડનાં ખર્ચે આઈકોનિક માર્ગ અને ૩.૬૯ કરોડનાં ખર્ચે બનશે રેસ્ટહાઉસ**

**સાવરકુંડલાને સુવર્ણ કુંડલા બનાવવા માટે એક કદમ આગળ કામગીરી શરૂ**

**આઝાદીનાં ૭ દાયકા બાદ સમગ્ર પંથકમાં વિકાસનો ધમધમાટ**

**નાયબ દંડક કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયા પણ ભૂમિપૂજન કાર્યક્રમમાં જોડાયા**



સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલાનાં વિકાસના સ્વપ્નને સાકાર કરતું વધુ એક પગલું લેવાયું. ગિરધરવાવ નજીક અંદાજે રૂા. ૩.૬૯ કરોડના ખર્ચે નિર્માણ પામનાર અત્યાધુનિક રેસ્ટ હાઉસ તેમજ ૧૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર બાયપાસથી સાવરકુંડલા શહેરમાંથી ગેટ સુધી રિસર્ફેસિંગ, સી.સી. રોડ, ડામર રોડ, રોડ ફર્નિશીંગ, આઈકોનિક રોડનું ખાતમુર્હુત ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયાના વરદ હસ્તે સંપન્ન થયું. આ પ્રસંગે અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરિયા અને સાવરકુંડલાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. આ ખાતમુર્હુત કાર્યક્રમ નવા બસસ્ટેન્ડ સામે મહુવા રોડ

અનુસંધાન પાના ૬ ઉપર

### તાલુકા ભાજપ કાર્યાલય નજીકની ઘટના

## લ્યો બોલો : ભાજપનાં કાર્યકર ઉપર પાંચ ઈસમોએ હુમલો કરી દીધો

**તમામ આરોપીઓની શોધખોળ શરૂ**

બગસરા, તા. ૧૪

બગસરામાં ભાજપ કાર્યકર અને શિક્ષણ સમિતિ ચેરમેનના પતિ પર જમવાનું બનાવવા બાબતે માથાકૂટ થતાં ભાજપ કાર્યાલયની નીચે જ પાંચ લોકો ધ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ફરિયાદીને ગંભીર હાલતમાં અમરેલી ખસેડવામાં આવ્યા હતા.

મળેલ માહિતી મુજબ બગસરામાં તાલુકા ભાજપ કાર્યાલયની નીચે ખાણીપીણીનો વેપાર કરતાં ભાજપનાં સક્રીય કાર્યકર અને શિક્ષણ સમિતિના ચેરમેનના પતિ જયંતીભાઈ મકવાણા (ઉ.વ. ૫૦) પર ખાણીપીણની વસ્તુ બાબતે માથાકૂટ કરી સુરાભાઈ કાઠી રહે. ભાયાવદર, શિવભાઈ ભાયાભાઈ જાતવડા રહે. ભાયાવદર, ક્રિપાલભાઈ વાળા રહે. બગસરા, શિવાંગભાઈ દેવમુરારી રહે. નદીપરા, બગસરા તથા એક અજાણ્યા વ્યકિત ધ્વારા તથા તેમના પુત્ર સાહેદ સાથે ખાણીપીણીની વસ્તુ આપવા બાબતે માથાકૂટ કરી જાનથી મારી નાખવાની

અનુસંધાન પાના ૬ ઉપર

### રખડતા પશુ, બંધ સ્ટ્રીટલાઈટ, જાહેર માર્ગો પર દબાણ બાદ

## અમરેલીમાં પાલિકા દ્વારા દૂષિત અને ગંધાતુ પાણી વિતરણ થતાં શહેરીજનોનું આરોગ્ય ખતરામાં

**પાલિકાનાં શાસકો શહેરીજનોને સુવિધા આપવામાં નિષ્ફળ**

અમરેલી, તા. ૧૪

અમરેલી શહેરમાં કાળઝાળ ગરમી વચ્ચે છેલ્લા થોડા દિવસથી પીવાના પાણીની મોકાણ શરૂ થવા પામેલ છે. ત્યારે અમરેલી શહેરમાં પાલિકા દ્વારા ચાર દિવસે વિતરણ થતું પીવાનું પાણી પણ લીલું છમ જોવા મળે છે. ત્યારે અમરેલીમાં વસતા દોઢ લાખ લોકો પણ પુરતા વેરા ભરવા છતાં આવું ગંદુ પાણીનો

અનુસંધાન પાના ૬ ઉપર






### વિકાસનાં અભાવે સ્થળાંતરની પણ પ્રક્રિયા શરૂ

## રાજુલા વિસ્તાર આઝાદીનાં ૭૮ વર્ષ બાદ માળખાકિય સુવિધાથી વંચિત રહી ગયો

**ખાસ પેકેજ જાહેર કરીને વિકાસનો ધમધમાટ કરવો જરૂરી**

અમરેલી, તા. ૧૪

રાજુલા રાજયનો છેવાડાનાં વિસ્તાર અનેક ગંભીર સમસ્યાઓનો સામનો કરતો હોય લોકો આ વિસ્તાર છોડી સુરત અમદાવાદ જવા લાગ્યા છે. સરકાર સુધી મહત્વનાં પ્રશ્નોની ઓછી રજૂઆત થાય છે સ્થાનિક નેતાઓ આ બાબત સક્રિય થાય એવું જનતા ઈચ્છી રહી છે.

રાજુલા ધાતરવડી ૧ અને ૨ ડેમમાંથી માટી કાઢવાની મંજુરી આપવાની જરૂર છે. શહેરમાં સફાઈ કામગીરી નામ માત્રની જ થાય છે. નગરપાલિકામાં પુરતો સ્ટાફ નથી અને કાયમી ચીફ ઓફિસરની જરૂર છે. કોમ્યુનીટી હોલ, રમતગમતનું મેદાન ધાતરવડી ૨માં ડેમનાં બાયપાસનાં બ્યુટીફીકેશનની જરૂર છે, સારા રસ્તાઓની જરૂર છે, અમરેલી રાજુલાનાં ફોરટ્રેકનું કામ ઝડપી કરવાની જરૂર છે. હાલના રોડમાં મોટરેબલ બનાવવાની જરૂર છે.

માત્ર કામો મંજુર થયા છે પણ રાજુલા સિટીમાં કોઈપણ કામ

અનુસંધાન પાના ૬ ઉપર















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)